RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 183* Date: 01.05.2020 * Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### આરબીઆઇના પૂર્વ ગવર્નર રાજને રજૂ કર્યું ભયાવહ ચિત્ર

# કોરોના મહામારીમાં ૧૦ કરોડ કરતાં વધુ લોકો થશે બેકાર..!

*ન્યુ દિલ્હી,તા.૩૦*

"કોરોના સંકટને કારણે ભારતમાં આશરે ૧૦ કરોડ વધુ લોકો બેકાર બનશે. ૫ કરોડ લોકોની તો રોજગારી જ છિનવાઇ જશે , આશરે ૬ કરોડ લોકો શ્રમ બજારમાંથી બહાર થઇ જશે. તમે સર્વે પર પ્રશ્નો ઉભા કરી શકો છો, પરંતુ અમારી પાસે આ જ આંકડા છે. અને આ આંકડાઓ ખૂબ વ્યાપક છે. આનાથી આપણને એવું વિચારવું જોઈએ કે આપણે માપી માપીને અર્થતંત્ર ખોલવું જોઈએ, પરંતુ શક્ય તેટલું ઝડપી, જેથી લોકોને રોજગાર મળવાનું શરૂ થાય. ભારત પાસે તમામ વર્ગોને મદદ કરવાની ક્ષમતા નથી. આપણે પ્રમાણમાં ગરીબ દેશ છે, લોકો પાસે વધારે બચત નથી."

જાણીતા અર્થશાસ્ત્રી અને ભારતીય રિઝર્વ બેંકના ભૂતપૂર્વ ગવર્નર, રઘુરામ રાજને આજે આ મુજબનું એક ચિત્ર લોકો સમક્ષ રજૂ કરીને સરકારને સલાહ આપતાં કહ્યું હતું કે, હાલમાં કોરોનાને કારણે દેશમાં લોકડાઉન છે. પરંતુ લોકડાઉન (બંધ) કાયમ માટે ચાલુ રાખી શકાતું નથી. હવે આર્થિક પ્રવૃત્તિઓ ખોલવાની જરૂર છે જેથી લોકો પોતાનું કામકાજ ફરી શરૂ કરી શકે. જો કે, તેમણે એમ પણ કહ્યું હતું કે આ પગલું સાવધાનીપૂર્વક લેવું જોઈએ. વિડીયો કોન્ફરન્સ દ્વારા કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે ભારત એક ગરીબ દેશ છે અને સંસાધનોની અછત છે.



આરબીઆઈના પૂર્વ ગવર્નરે એમ પણ કહ્યું કે, લોકડાઉનમાં તેથી આપણે લાંબા સમય સુધી લોકોને ઘરે બેસીને ખવડાવી શકીએ નહીં. કોવિડ -૧૯ સાથેના વ્યવહાર માટે ભારત જે પણ પગલાં લેશે તેની બજેટની મર્યાદા છે. જો કે, જ્યારે ગાંધીએ રાજનને ખેડુતો અને સ્થળાંતર કામદારોની સમસ્યા અંગે સવાલ કર્યા ત્યારે રાજને કહ્યું કે આ તે વિસ્તાર છે જ્યાં આપણે આપણી સીધો લાભ સ્થાનાંતરણ યોજનાનો લાભ લેવો જોઈએ. આપણે આ સિસ્ટમનો ઉપયોગ ખેડુતો અને મજૂરોને મુશ્કેલીમાંથી બહાર લાવવા માટે કરવો જોઈએ.

આ અંગેના ખર્ચ અંગે તેમણે કહ્યું હતું કે કોવિડ -૧૯ કટોકટી દરમિયાન દેશના ગરીબોની સહાય માટે ૬૫,૦૦૦ કરોડ રૂપિયાની જરૂર પડશે. ભારત તેનું સંચાલન કરી શકીએ કારણ કે આપણી અર્થવ્યવસ્થા ૨૦૦ લાખ કરોડ રૂપિયા છે. તેમણે કહ્યું, ×જો આપણે ગરીબોના જીવન બચાવવા માટે આટલા ખર્ચ કરવાની જરૂર હોય તો આપણે કરવું જોઈએ.×

કોરોના લોકડાઉન સંબંધિત સવાલ પર રાજને કહ્યું, ×જો તમે લોકડાઉનનો બીજો તબક્કો લો છો, તો તેનો અર્થ એ છે કે તમે અર્થવ્યવસ્થાને ફરીથી ખોલવામાં સંપૂર્ણ રીતે સફળ થયા નથી.× આપણે વસ્તુઓ ખોલીને પરિસ્થિતિનું સંચાલન કરવું પડશે. જો કોરાના ચેપનો કેસ હોય તો તેને અલગ કરીને આગળ વધવુ પડશે. "

તેમણે કહ્યું કે ભારતમાં મધ્યમ વર્ગ અને નીચલા મધ્યમ વર્ગ માટે સારી રોજગારની તકોનું નિર્ણાણ કરવુ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ કાર્ય અર્થતંત્રમાં ×ખૂબ મોટા પાયે વિસ્તરણ× સાથે થઈ શકે છે, પરંતુ તેમણે એમ પણ ઉમેર્યું કે ×છેલ્લા કેટલાક વર્ષોથી ભારતનો આર્થિક વિકાસ દર સતત ઘટી રહ્યો છે.×

રાજને કહ્યું કે રોજગારની સારી તકો ખાનગી ક્ષેત્રમાં હોવી જોઈએ, જેથી લોકોને સરકારી નોકરી સાથે મોહ ન થાય. આ સંદર્ભમાં, તેમણે માહિતી ટેકનોલોજી આઉટસોર્સિંગ ઉદ્યોગનો ઉલ્લેખ કર્યો કે કોઈએ વિચાર્યું પણ ન હતું કે તે આટલો મજબૂત ઉદ્યોગ બનશે. તેમણે કહ્યું હતું કે ×આ માટે આ આઉટસોર્સિંગ ક્ષેત્ર વિકસિત થઈ શકે છે કારણ કે સરકાર તરફથી તેમાં કોઈ દખલ નહોતી.×

કોરોના વાઈરસ કોવિડ -૧૯ ભારત માટે કેટલીક તકો પણ પૂરી પાડે છે કે કેમ, . તેના જવાબમાં રાજને કહ્યું કે આટલું મોટુ સંકટ કોઈને માટે સારું નહીં હોય, પરંતુ કેટલીક રીતે વિચારી શકાય છે. અમારો પ્રયત્ન કરવો જોઈએ કે વૈશ્વિક ચર્ચાને આ દિશામાં નવા સંજોગો સાથે વ્યાપક કરી શકાય જેમાં વધુને વધુ દેશો ચિંતિત છે. તેમણે રાહુલ ગાંધીના નિવેદનને સ્વીકાર્યું કે નિર્ણય લેવાની સત્તાનું કેન્દ્રિયકરણ યોગ્ય નથી. વિકેન્દ્રિત અને સહભાગી નિર્ણયો વધુ સારા બનાવવામાં આવે છે.

કોંગ્રેસ નેતાના એક પ્રશ્નના જવાબમાં રાજને કહ્યું કે, ×આ સંજોગોમાં ભારતને તેના ઉદ્યોગો અને સપ્લાય ચેન માટે તકો મળી શકે છે.× પરંતુ આપણે આ મલ્ટિ-પોલર ગ્લોબલ સિસ્ટમમાં વાતચીત કરવાનો પ્રયાસ કરવો પડશે. "તેમણે કહ્યું કે લોકડાઉન પછી ભારતના સંદર્ભમાં જે આંકડા આવ્યા છે તે ચિંતાજનક છે.

આરબીઆઈના ભૂતપૂર્વ ગવર્નરે કહ્યું હતું કે, જો તમે સીએમઆઈઇ (સેન્ટર ફોર મોનિટરિંગ ભારતીય અર્થતંત્ર) ના આંકડા પર નજર નાખો તો કોવિડ -૧૯ને કારણે વધુ ૧૦ કરોડ લોકોનું રોજગાર ગુમાવે તેમ છે. આપણે અર્થવ્યવસ્થાને એવી રીતે ખોલવી પડશે કે લોકો ફરીથી કામ પર પાછા આવી શકે. "

તેમણે કહ્યું કે, આપણી પાસે લાંબા સમય સુધી આટલી મોટી સંખ્યામાં લોકોને મદદ કરવાની ક્ષમતા નથી. ઉપરાંત આપણે પ્રમાણમાં ગરીબ દેશ છે, આપણાં દેશના લોકો પાસે વધારે બચત નથી. તેથી સરકારે ખૂબ ઝડપથી પગલાં લેવા પડશે.

# કેન્સરથી પીડિત અભિનેતા રિશી કપૂરનું ૬૭ વર્ષની વયે નિધન



મુંબઇ,તા.૩૦

બોલીવૂડના દિગ્ગજ અભિનેતાઓમાંના એક, રિશી કપૂરનું આજે સવારે અહીં અવસાન થયું છે. એ ૬૭ વર્ષના હતા. એમના નિધનના સમાચાર મહાનાયક અમિતાભ બચ્ચને ટ્વીટ કરીને આપ્યા હતા.

રિશીને શ્વાસ લેવામાં તકલીફ પડતાં ગઈ કાલે રાતે મુંબઈની એચએન રિલાયન્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાં આજે સવારે એમણે અંતિમ શ્વાસ લીધો હતો. એમને હોસ્પિટલમાં દાખલ કરાયાની માહિતી તેમના મોટા ભાઈ રણધીર કપૂરે આપી હતી. અમેરિકામાં કેન્સરની સારવાર કરાવ્યા પછી રિશી કપૂર ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ભારત પરત ફર્યા હતા. હવે એમની તબિયત ફરી ખરાબ થતાં એમને રિલાયન્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

તેમના ફેમિલીની તરફથી એક નોટ લખવામાં આવી છે કે ઋષિ આંસુઓથી નહીં પરંતુ મુસ્કુરાહટની સાથે યાદ કરાય તેવું ઈચ્છતા હતા. તેઓ બીમારી દરમ્યાન પણ જિંદગીને ઉત્સાહની સાથે જીવ્યા.

રિશી કપૂરના પરિવારમાં એમના અભિનેત્રી પત્ની નીતૂ સિંઘ-કપૂર, પુત્ર રણબીર કપૂર, પુત્રી રિધીમા કપૂર-સાહની છે. રિશી કપૂર ભારતીય સિનેમાના દંતકથાસમાન અભિનેતા અને દિગ્દર્શક રાજ કપૂર અને ક્રિષ્ના રાજ કપૂરના પુત્ર હતા. એમણે અનેક બ્લોકબસ્ટર ફિલ્મોમાં કામ કર્યું હતું. પોતે નિર્માતા પણ બન્યા હતા.રિશી કપૂરે ૧૯૭૦માં રાજ કપૂરની 'મેરા નામ જોકર' સાથે ફિલ્મ કારકિર્દીનો આરંભ કર્યો હતો. પણ હિરો તરીકે એમની પહેલી ફિલ્મ હતી 'બોબી', જે ૧૯૭૩માં રિલીઝ થઈ હતી, જેમાં એમની હિરોઈન હતી ડિમ્પલ કાપડિયા.

### વિશ્વભરમાં ૩૨ લાખથી વધુ લોકો સંક્રમિત, ૨.૨૮ લાખ લોકોએ જીવ ગુમાવ્યો

# કોરોના મહામારી આતંકી હુમલા કરતા પણ વધારે ખતરનાક: WHO

*જિનિવા,તા.૩૦*

વિશ્વભરમાં કોરોના મહામારીના ૩૨ લાખ ૨૦ હજાર ૨૬૮ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ૨ લાખ ૨૮ હજાર ૨૨૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે ૧૦ લાખથી વધારે લોકોને સારવાર પછી રજા અપાઈ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોનાને કોઈ આતંકી હુમલા કરતા પણ વધારે ખતરનાક ગણાવ્યો છે. સંસ્થાએ કહ્યું તે વિશ્વમાં ઉથલ-પાથલ મચાવી શકે છે. એટલા માટે તમામ દેશોએ સાથે મળીને તેનો સામનો કરવો જોઈએ. વિશ્વ આરોગ્ય સંસ્થાના મહા નિર્દેશક ડો. ટેડ્રોસ ગેબ્રિયેસસે કહ્યું કે આ વાઈરસને હરાવવા માટે ઈતિહાસમાં કોઈપણ ક્ષણથી વધારે આ સમયે માનવજાતીએ એક થવાની જરૂર છે. તે રાજનીતિક, આર્થિક અને સામાજિક ઉથલ-પાથલ મચાવવા માટે સક્ષમ છે.

**૭૦ લાખ મહિલાઓએ ઈચ્છા ન હોવા છતા ગર્ભ ધારણ કરવા પડી શકે છે**

સંયુક્ત રાષ્ટ્રે કહ્યું હતું કે ૬ મહિના સુધી લોકડાઉન રહ્યું તો ૭૦ લાખ મહિલાઓને ઈચ્છા ન હોવા છતા ગર્ભવતી બનવું પડશે.લોકડાઉનની સ્થિતિમાં ૧૧૪ ઓછી અને મધ્યમ આવકવાળા દેશોમાં ૪.૭ કરોડથી વધારે મહિલાઓ ગર્ભ નિરોધકનો ઉપયોગ નહીં કરી શકે.

**ઈટાલીમાં મૃત્યુઆંક ૨૮ હજાર નજીક**

ઈટાલીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૨૩ લોકોના મોત થયા છે અને એક હજારથી વધારે નવા કેસ નોંધાયા છે. ઈટાલીમાં અત્યાર સુધીમાં કુલ ૨ લાખ ૩ હજાર ૫૯૧ નોંધાયા છે જ્યારે ૨૭ હજાર ૬૮૨ લોકોના મોત થયા છે. અહીં ૭૧ હજાર ૨૫૨ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. અહીં ૧૯.૧૧ લાખ લોકોના ટેસ્ટ કરાયા છે.

**ચીનમાં ચાર નવા કેસ નોંધાયા**

ચીનમાં છેલ્લા ૨૪ કલાકમાં ચાર નવા કેસ નોંધાયા છે અને એકપણ મોત નોંધાયું નથી. તમામ કેસ શાંઘાઈમાં નોંધાયા છે. ચીનમાં કોરોનાના ૮૨ હજાર ૮૬૨ કેસ નોંધાયા છે જ્યારે ૪૬૩૩ લોકોના મોત થયા છે.

**૨ને પાર**

તુર્કીમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૯૩૬ કેસ નોંધાયા છે અને ૮૯ લોકોએ જીવ ગુમાવ્યા છે.આ સાથેજ મૃત્યુઆંક ૩૦૮૧ થયો છે અને કુલ કેસ ૧ લાખ ૧૭ હજાર ૫૮૯ થયા છે. તુર્કીએ ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય ઉડાનો ૨૮ મે સુધી બંધ કરી દીધી છે. અહીં સંક્રમણનો પ્રથમ કેસ ૧૧ માર્ચના રોજ સામે આવ્યો હતો.

# દેશમાં કોરોના પોઝિટિવ કેસો ૩૩૦૦૦ને પાર: મૃત્યુઆંક ૧૦૭૪નો પાર

*ન્યુ દિલ્હી,તા.૩૦*

જીવલેણ કોરોના વાઈરસ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહ્યો છે, ત્યારે ભારતમાં પણ સંક્રમિત દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૧૨ કલાકમાં દેશમાં કોરોના વાઈરસના કારણે ૬૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે ૧૨૬૩ કેસો નવા ઉમેરાયા છે. ગુરુવારે રાજસ્થાનમાં ૨૬, પશ્ચિમ બંગાળમાં ૩૩ અને ઓરિસ્સામાં ૩ દર્દીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કેન્દ્ર સરકારે હરિયાણામાં દક્ષિણ કોરિયન કંપનીની બનાવાયેલી રેપિડ કીટથી ટેસ્ટિંગ કરવાની મંજૂરી આપી દીધી છે.સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપેના જણાવ્યા પ્રમાણે, કોરોના દર્દીઓની સારવાર માટે પ્રાયોગિક રીતે શરૂ કરવામાં આવેલી પ્લાઝ્મા થેરેપીનો પહેલો ટ્રાયલ સફળ રહ્યો છે. આ ટ્રાયલ મુંબઈના લીલાવતી હોસ્પિટલમાં દાખલ દર્દી પર કરવામાં આવ્યો છે. બીજો ટ્રાયલ ટૂંક સમયમાં નાયર હોસ્પિટલમાં કરવામાં આવશે. તો બીજી બાજુ મધ્યપ્રદેશના ભોપાલના એઈમ્સમાં રોગ પ્રતિરોધક ક્ષમતા વધારવા વાળી દવાનો કોરોના સંક્રમિતો પર ટ્રાયલ શરૂ કરાયો છે. ત્રણ દર્દીઓને દવાનો પહેલો ડોઝ આપવામાં આવ્યો છે. આ અંગે સ્વાસ્થ મંત્રાલયના આંકડા પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકના આંકડા ઉમેરીને દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૩૩,૦૫૦ પર પહોંચી ગઈ છે, જ્યારે મૃતકોની સંખ્યા વધીને ૧૦૭૪ પર પહોંચી છે.

### ગુજરાત અને મહારાષ્ટ્ર જેવાં રાજ્યો પાછળ, કામગીરી ચિંતાજનક

# કોરોના સામેના 'જંગ'માં તેલંગણા અને છત્તીસગઢ સૌથી સફળ: ગૃહ મંત્રાલયના આંકડામાં ખુલાસો

ન્યુ દિલ્હી,તા.૩૦

'કોરોના વાયરસની વિરૂદ્ધ દેશવ્યાપી જંગમાં તેલંગણા, છત્તીસગઢ, કર્ણાટક, કેરળ અને પંજાબ જેવા રાજ્યોનું પ્રદર્શન સારું રહ્યું છે. આ પાંચ રાજ્યોમાં કોરોના વાયરસના નવા કેસો આવવાની ટકાવારી પ્રતિ દિવસ ત્રણથી પણ નીચો છે. કોરોનાના કેસોમાં દેશના બે રાજ્યો મહારાષ્ટ્ર અને ગુજરાત ઉપરાંત પશ્ચિમ બંગાળમાં સરેરાશ ૧૦-૧૦ દિવસોમાં કેસ બેગણા થઇ રહ્યા છે. જે એક ચિંતાજનક બાબત છે. આમ અન્ય રાજ્યોની સરખામણીએ તેમનું પ્રદર્શન નબળું રહ્યું છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આંકડા મુજબ, આ રાજ્યોમાં કોરોનાના કેસ બેગણા થવામાં ૨૦ દિવસથી વધુનો સમય લાગી રહ્યો છે. આનાથી વિપરીત જમ્મુ-કાશ્મીર, દિલ્હી અને ઓડિશાના આંકડા ચિંતાનું કારણ બનતા નજરે આવી રહ્યા છે. તેલંગણા અને છત્તીસગઢનું પ્રદર્શન આ મામલે બહેતરીન રહ્યું છે. કોરોનાના છેલ્લાં ૧૦ દિવસોની સરેરાશ જોઇએ તો હાલની ગતિએ આ બન્ને રાજ્યોમાં કોરોનાના કેસો બેગણાં થવામાં ૭૦ દિવસ લાગશે. આ મામલે રાષ્ટ્રીય સરેરાશ આશરે ૧૨ દિવસની છે. કર્ણાટક, કેરળ અને પંજાબ એમ આ ત્રણેય રાજ્યોમાં કોરોનાના કેસોની સંખ્યા બેગણી થવામાં આશરે ૩૫ દિવસ લાગશે. ખાસ વાત એ પણ છે કે આ રાજ્યોમાં કોરોના વાયરસના કેસોમાં કોઇ અસાધારણ વધારો જોવામાં નથી આવ્યા. કોરોના કેસોની હાલની સ્થિતિને જોતાં ઉત્તરપ્રદેશ અને હરિયાણા જેવા રાજ્યોમાં સંખ્યા ૨૫-૨૫ દિવસોમાં બેગણી થશે. જ્યારે મધ્યપ્રદેશમાં કેસ બમણો થવામાં ૨૦ દિવસ થશે. ચિંતાનું કારણ બની રહેલા જમ્મુ-કાશ્મીમાં ૧૨ દિવસ, દિલ્હી અને ઓડિશામાં ૧૦-૧૦ દિવસ, ઝારખંડમાં છ અને બિહારમાં પાંચ દિવસમાં કેસોની સંખ્યા બમણી થઇ શકે છે. એવા રાજ્યો જ્યાં કોરોનાના કેસોનો દર વધુ છે, પરંતુ તેમનો ગ્રાફ હવે નીચે જતો દેખાય છે તેમાં તમિલનાડુ અને રાજસ્થાન મુખ્ય છે. તમિલનાડુમાં સરેરાશ ૨૫ દિવસ અને રાજસ્થાનમાં ૨૦ દિવસમાં સંખ્યા બેગણી થઇ રહી છે. મણિપુર, અરૂણાચલ પ્રદેશ, ત્રિપુરા અને ગોવામાં કોરોનાના જેટલા પણ કેસો હતા, તેમને સારવાર પછી રજા અપાઇ છે.

# વડાપ્રધાને મોદીને ટ્વિટર પર અનફોલો કરવા મુદ્દે વ્હાઈટ હાઉસે સ્પષ્ટતા કરી

વોશિંગ્ટન,તા.૩૦

અમેરિકી રાષ્ટ્રપતિ કાર્યાલય વ્હાઇટ હાઉસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના ટ્વિટર હેન્ડને અનફોલો કર્યા છે. જેની સાથે જ ભારતમાં રાજકિય ગરમવો ઉભો થયો છે. વિપક્ષી પાર્ટી અને તેના નેતા આ અંગે સરકારને સવાલ પુછી રહ્યા છે. આ બધા વચ્ચે વ્હાઇટ હાઉસે આ અંગે સ્પષ્ટતા કરી છે અને જણાવ્યું છે કે તેણે નરેન્દ્ર મોદી અને રામનાથ કોવિંદને ટ્વિટર પર શા માટે અનફોલો કર્યા છે.

વ્હાઇટ હાઉસે જણાવ્યું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારે કોઇ દેશની યાત્રા પર જાય છે, ત્યારે સામાન્ય રીતે યજમાન દેશના મુખ્ય નેતા અને અધિકારીના ટ્વિટર હેંડલને ફોલો કરે છે. જેનો ઉદ્દેશ રાષ્ટ્રપતિ ટ્રમ્પની યાત્રાના સમર્થનમાં યજમાન દેશના અધિકારીઓ અને નેતા દ્વારા થતા ટ્વિટને રિટ્વિટ કરવાનો હોય છે. વ્હાઇટ હાઉસે જણાવ્યું કે ફેબ્રુઆરીમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પની ભારત યાત્રા દરમિયાન વ્હાઇટ હાઉસના ટ્વિટર હેન્ડલ પરથી ભરતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વડાપ્રધાન કાર્યાલય, અમેરિકાનું ભારતીય દૂતાવાસ, ભારતનું અમેરિકી દૂતાવાસ અને ભારતમાં રહેલા અમેરિકી રાજદૂતના ટ્વિટર હેન્ડલને ફોલો કર્યા હતા. આ અઠવાડિયામાં વ્હાઇટ હાઉસે આ તમામને અનફોલો કરી દીધા છે.

વ્હાઇટ હાઉસના એક સિનિયર અધિકારીના જણાવ્યા પ્રમાણે વ્હાઇટ હાઉસનું ટ્વિટર હેન્ડલ અમેરિકી સરકારના મુખ્ય અધિકારી અને અન્ય કેટલાક મહત્વના લોકોને જ ટ્વિટર પર ફોલો કરે છે.

## તંત્રી સ્થાનેથી...

# ડોનાલ્ડ ટ્રમ્પની નવી ઓળખ : ગરજ મટી એટલે વૈદ વેરી...આવુ કેમ....?

વિશ્વના દેશોને પોતાનું રાક્ષસી રૂપ બતાવતા કોરોના વાયરસે ભારતને પણ હચમચાવી નાખ્યું છે. દેશભરમાં ૩૨ હજાર ઉપરાંત કોરોનાગ્રસ્તોના કેસો નોંધાયા છે અને મૃતાક ૧,૦૬૬ થી આગળ વધવા તરફ જઈ રહ્યો છે. કેન્દ્ર સરકારે કાંઈ પણ વિચાર્યા વગર, જરૂરી આયોજન કે વ્યવસ્થા કર્યા સિવાય લોકડાઉન જાહેર કરી દીધું જેના કારણે પરેશાન થવા છતાં સારું રહ્યું છે... પરંતુ દેશભરનાં રાજ્યોમાં જે પર પ્રાંતીઓ હતા તેઓની તકલીફ વધી ગઈ, મજૂર વર્ગ, ગરીબ-લોઅર મધ્યમવર્ગ માટે મોંઘુ પડી ગયું.... કારણ નોકરી નહીં, કામ નહી, પૈસા નહીં, આવક નહીં તો પછી પોતે કે પરિવારને ખવડાવે શું...? રાજ્ય સરકારે રેશનકાર્ડ ધારકોને મફત અનાજ સહિતની ચીજવસ્તુઓ રેશનકાર્ડ દુકાનો દ્વારા વિતરણ કરી હતી. પરંતુ આવી દુકાનો પર lockdownના નિયમોનું પાલન થયું નહીં તો જેઓની પાસે રેશન કાર્ડ ન હતા તેઓનુ શુ....? અનેક નાના-મોટા દાતાઓએ તૈયાર જમવાનું આપવાનું તેમજ અનાજ સહિતની જીવનજરૂરી વસ્તુઓ વિતરણ કર્યુ.... આમ છતાં ગરીબ, મજૂર,રોજનુ લાવીને ખાનારાઓની વસ્તી કરોડોની સંખ્યામાં હોવાનો અંદાજ સરકારને પણ ન હતો....!!નહીતો કેરળ રાજ્યની જેમ દેશભરના દરેક જરૂરતમંદ ઘરોમાં અનાજ સહિતની જીવનજરૂરી વસ્તુઓ પહોંચી ગઈ હોત... પરંતુ દરેક સરકારો તેવું આયોજન કરવામાં નિષ્ફળ રહી.....! પરિણામે પર પ્રાંતીઓએ મોટી સંખ્યામા વતનની વાટ પકડવા ઉચાળા ભર્યા. કેટલાક રાજ્યોમાં ભકખથી.ટળવળતા લોકો બહાર આવી ગયા.જે તે રાજ્ય સરકારોએ વતન જવા કોઈ વ્યવસ્થા ન કરી.... પરંતુ કેટલાક રાજ્યોએ પોતાના રાજ્યના લોકોને પરત લાવવા માટેની રજૂઆત બાદ કેન્દ્ર સરકારને મોડે મોડે પણ સુજ્યુ અને શરતોને આધીન જે તે રાજ્યોમાંના પર પ્રાતિઓને વતન જવા મંજુરી આપી. ત્યારબાદ રાજ્યોએ બસ સહિતની વ્યવસ્થા કરી. જો સરકારે કર્ફ્યુની જાહેરાત કરી ત્યારે પરપ્રાંતીઓને વતન જવા આયોજન કર્યું હોત તો જે લોકો ભૂખથી ટળવળતા હતા તેને પરેશાન થવું ન પડ્યુ હોત.... છતાંય મોડે મોડે પણ લેવામાં આવેલો નિર્ણય પર પ્રાન્તિઓ માટે સુખદ બાબત હતી. તો જે તે રાજ્યોનો બોજ પણ હળવો થયો છે.....! પરંતુ તકલીફ નાના મોટા ઉદ્યોગોને થઈ છે તે વાત સ્વીકારવી જ રહી.....!મહામારીના સમયમાં ભારતને ખામીયુક્ત રેપિડ કિટ મોકલનાર ચીન ×ચોરી ઉપર સીના જોરી× કરે તેવો જવાબ આપે કે ભારતને કીટનો ઉપયોગ કરતા નથી આવડતું. આ ચીન કદી પણ વિશ્વ કલ્યાણ કરવાનું વિચારી શકશે નહીં. તે બાબત યથાર્થ લાગે છે....! આવા જ સમયે મોદીજીના ખાસ મિત્ર કે જેઓના સ્વાગત માટે રૂપિયા ૧૦૦ કરોડ ઉપરાંત ખર્ચ કરી નાખ્યો તે ડોનાલ્ડ ટ્રમ્પે હાઈડ્રોક્સીક્લોરોક્વીન દવા તાત્કાલીક આપવા માટે ભારતને આડકતરી રીતે ધમકી આપે તે અમેરિકાને ભારત દ્વારા જથ્થાબંધ હાઈડ્રોક્સિક્લોરોક્વીન દવાઓ પૂરતા પ્રમાણમાં મોકલી આપી. ત્યારે ×ગરજ મટી એટલે વૈદ્ય વેરી× ની જેમ વ્હાઈટહાઉસે મોદીજીને ટ્વિટર પર ×અન ફોલો× કરી નાખ્યા તેનાથી ભાજપાને આંચકો લાગ્યો હોય કે ન લાગ્યો હોઈ શકે....! પરંતુ દેશના રાજકીય ક્ષેત્રે અને બુધ્ધિજીવીઓને આશ્ચર્ય થયું છે.... તેઓના કહેવા અનુસાર ચુનની જેમ અમેરિકાના રાષ્ટ્રપતિ પણ મતલબી નીકળ્યા.....! આવા સમયે ભારતની ×વસુધૈવ કુટુંબકમ્× ની ભાવનાને લઈને યુએઈ તેમજ અન્ય દેશોએ ભારત પાસે ડૉક્ટરો અને નર્સોની માગ મુકતા ભારત વિમાસણમાં મુકાઈ ગયું છે.... કારણ કે ભારતમાં કોરોના સંક્લમિતોની સંખ્યા વધતી જઈ રહી છે. અને જોઈતા પ્રમાણમાં ડોક્ટર સહિત સંખ્યા પણ ઓછી છે.....! આમ છતાં વિશ્વના યુએઈ સહિતના દેશો ભારત ઉપર આશા રાખી રહ્યા છે. ભારતની ૧૩૦ કરોડની વસતી છે એ હિસાબે દરરોજ એક લાખ કોરોના ટેસ્ટ થવા જરૂરી છે પરંતુ નથી થતા..... કારણ રેપિડ કિટની અછત કે પછી ડૉકટરો-મેડિકલ સ્ટાફની અછત.....!

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૧/૦૫/૨૦૨૦, શુક્રવાર, વૈશાખ સુદ-૮
સૂર્યોદય-૬-૧૬, સૂર્યાસ્ત-૭-૧૨, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ આશ્લેષા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૧૬ થી ચલ-લાભ-અમૃત-૧૧-૦૭ સુધી, ૧૨-૪૪ થી શુભ-૧૪-૨૧ સુધી, ૧૭-૩૫ થી ચલ-૧૯-૧૨ સુધી, ૨૧-૫૮થી લાભ-૨૩-૨૧ સુધી

- શુભ હોરા-
૬-૧૬ થી ૯-૩૦ સુધી, ૧૦-૩૫થી ૧૧-૩૯ સુધી ૧૩-૪૯થી ૧૭-૦૩ સુધી, ૧૮-૦૮ થી ૧૯-૧૨ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૧-૦૫-૨૦૨૦ શુક્રવાર

**મેષ(અ.લ.ઈ.)** :- સટ્ટાકીય કાળજી રાખવી. આવકનું પ્રમાણ જળવાઈ રહે. વાહન-મકાન સુખ ઉત્તમ. આરોગ્ય સાચવવું.

**વૃષભ(બ.વ.ઉ.)** :- બુદ્ધિ-વિવેકથી કાર્ય સિદ્ધ થાય. કુટુંબ સુખ આવક વધે. ધંધામાં આવક વધે. અભ્યાસમાં પ્રગતિ.

**મિથુન(ક.છ.ઘ.)** :- શેરબજારથી લાભ થાય. ર્આથિક સ્થિતિ મજબૂત બનતી જણાય. આરોગ્ય સુખાકારી રહે.

**કર્ક(ડ.હ.)** :- વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની રહે. માનસિક ટેન્શન ઓછું રહે. સમય શુભ. જમીન-મકાન ખરીદી શક્ય બને.

**સિંહ(મ.ટ.)** :- નાણાંકીય સ્થઇતિ મજબૂત બનતી જમાય. રોજગારીની નવી તકો મળે. આવકનું પ્રમાણ રહે.

**કન્યા(પ.ઠ.ણ.)** :- ઇષ્ટદેવની ઉપાસનાથી રાહત. ર્ધામિક યાત્રાપ્રવાસનો યોગ. કૌટુંબિક વાતાવરણ સુમેળ રહે.

**તુલા(ર.ત.)** :- પરદેશથી સુભ સમાચાર મળે. એકંદરે સમય સુભ રહે. અભ્યાસમાં પ્રગતિ. વિદેશથી શુભ સમાચાર પ્રાપ્ત થાય.

**વૃશ્ચિક(ન.ય.)** :- શેર સટ્ટાકીય બાબતોથી સંભાળવું. માનસિક ચિંતા હળવી બને. અકંદરે સમય શુભ. રોજગારીની તકો મળે.

**ધન(ભ.ધ.ફ.ઢ.)** :- નોકરીમાં ઉપર અધિકારીનું માર્ગદર્શન મળી રહે. બદલી-બઢતીની શક્યતા આરોગ્ય સુખાકારી.

**મકર(ખ.જ.)** :- વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. આવકનું પ્રમાણ જળવાઈ રહે.

**કુંભ(ગ.શ.સ.)** :- જમીન, વાહન, મકાનના યોગ. આરોગ્ય સુખાકારી, કૌટુંબિક વાતાવરણ સુમેળ ભર્યુ બની રહે.

**મીન(દ.ચ.ઝ.)** :- ઇષ્ટદેવની કળપાથી મુશ્કેલીમાં રાહત. ર્ધામિકયાત્રા પ્રવાસના યોગ. આરોગ્ય સારું રહે.

# સુરતમાં વધુ એક વિસ્તારને રેડ ઝોન જાહેર કરાયો, ૩૨ હજાર લોકોને કરાયા ક્વૉરન્ટાઈન




સુરત,તા.૩૦

શહેરમાં આવેલા લિંબાયતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવના ૨૬ નવા દર્દી પૈકી મોટા ભાગના કેસ ઝૂંપડપટ્ટી વિસ્તારના છે. જેને લઈને સુરતની મહાનગર પાલિકા દ્વારા લિંબાયત ઝોનમાં આજે વધુ એક રેડ ઝોન જાહેર કરી ૩૨ હજાર લોકોને ફરજિયાત હોમ ક્વૉરન્ટાઈનમાં મૂકયા છે.

કોરોના વાઈરસને લઈને તંત્ર દ્વારા લૉકડાઉન આપવામાં આવ્યું હતું. જોકે, સુરતનાં ૫ જેટલા વિસ્તારમાં કોરોનાના કેસ વધતા તંત્ર દ્વારા કર્ફ્યૂ પણ મુકવામાં આવ્યો હતો. ત્યારે હજુ પણ સતત કોરોના પોઝિટિવ દર્દીમાં સતત વધારો થઇ રહ્યો છે .ત્યારે સુરતનાં લિંબાયત ઝોન વિસ્તારમાં ગતરોજ નવા ૨૬ કેસ મળી આવ્યા હતા. લિંબાયતના વિવિધ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં વધારો થતા આજે નવો એક હોટસ્પોટ તરીકે સુરતનાં લિંબાયત વિસ્તારને તંત્ર દ્વારા રેડ ઝોન જાહેર કરીને ૭૧૬૯ ઘરમાં રહેતા ૩૨ હજાર લોકોને કલસ્ટર જાહેર કરવામાં આવ્યા છે.

લિંબાયત ઝોન વિસ્તારમાં ભાવનાનગર, મારુતિનગર, રૂસ્તમપાર્ક, મધુનગર, મંગલાપાર્ક, મહાપ્રભુનગર, પદમાવતી સોસાયટી, શિવાજી નગર, સુભાષનગર, અંબિકા સોસાયટી, મદનપુરા, શાહપુરા, ખાનપુરા, રામનગર, ઈદગાહ રોડ, શાસ્ત્રી ચોક, મદીના મસ્જિદ, બુદ્ધ સોસાયટી, મયુર સિનેમા, સત્યમ શિવમ સુંદરમ એપાર્ટમેન્ટ, છત્રપતિ શિવાજીનગર, રાજીવનગર, સત્યમ કોમ્પ્લેકસ, જલારામનગર, સંભાજી ચોક, સાઈનાથનગર, વિનોબાનગર, સાઈબાબાનગર, રૂપનગર, રતનચોક, ઉધના રેલવે યાર્ડ ઝૂંપડપટ્ટી તથા જવાહરનગર વિસ્તારને કલસ્ટર જાહેર કરવામાં આવ્યાં છે.

આજે જે પોઝિટિવ કેસ મળ્યા છે તે પૈકી ઝૂંપડપટ્ટી વિસ્તારના કેસોની સંખ્યા વધારે છે. ખાસ કરીને લિંબાયત અને વરાછા ઝોન વિભાગએ વિસ્તારમાં આવેલી વસાહતોમાંથી નવા કેસો મળતા સરવેની કામગીરી વધારવામાં આવી છે.

આ સિવાયના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી વધારવામાં આવી છે. સ્લમ વિસ્તારમાં શરૂ કરવામાં આવેલી કિલનિકને કારણે નવા કેસો મળી રહ્યા છે. આવી કિલનિકમાં ખાંસી, શરદી અને તાવના કેસો મળી આવ્યા છે. પાલિકાએ કોરોનાના પોઝિટિવ દર્દીઓના આધારે શહેરને રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં વિભાજિત કર્યું છે.

# અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના તેનપુર ગામને ૫ કિ.મી વિસ્તારને બફરઝોન જાહેર કરાયો

કન્ટેઈનમેન્ટ ઝોનના તેનપુર ગામના લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના કુલ-૧૨૦૦૦ થી વધારે કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ ર્ઝ્ફૈંઘ્-૧૯ ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા પ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ ઓગણીસમો કેસ નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 ™ku Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં COVID-19 નો કેસ મળી આવેલબાયડ તાલુકાના તેનપુર ગામને ૫ કિ.મી ત્રિજયામાં આવેલ વિસ્તારને બફરઝોન વિસ્તાર COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્કીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રાણો મુક્યા છે. કરવામાં આવશે. આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૧૪ મે ૨૦૨૦સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## અ.મ્યુ.કમિશ્નર વિજય નેહરાનું મહત્ત્વપૂર્ણ નિવેદન

# હાલ ૯ દિવસનો ડબલિંગ રેટ, જો આ જ રેટ રહેશે તો ૫ મે સુધીમાં ૧૦-૧૫ હજાર કેસ જ થશે

અમદાવાદ,તા.૩૦

કોરોનાના કાળાકહેર વચ્ચે આજે સૌથી સમાચાર આવ્યા છે. જે અંતર્ગત એક રીતે કહીએ આજના દિવસ રાહત ભર્યો છે. જેમાં કોરોનાના કુલ દર્દીમાંથી ૩૧૩ દર્દીઓ સાજા થઈને તેમને રજા આપવામાં આવી છે. અમદાવાદમાં દર્દીઓ ખૂબ ઝડપથી સાજા થઈ રહ્યા છે. મ્યુ.કમિશ્નર વિજય નહેરાએ આ અંગે જાણકારી ઉપલબ્ધ કરાવી છે.

અમદાવાદમાં કોરોનાના દર્દીઓમાં રાહતની વાત એ રહી છે કે, આજના દિવસમાં ૧૪થી પણ વધારે દર્દીઓ એસવીપી હોસ્પિટલમાં સાજા થઈ ઘરે પરત ફર્યા છે. આમ કુલ ૪૦ દર્દીઓ ત્યાંથી સાજા થઈ ઘરે પરત ફર્યા છે. જ્યારે સમરસ હોસ્પિટલમાંથી ૩૪ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં હવે ધીમે ધીમે કેસ ડબલીંગ રેટ ઘટી રહ્યો છે. સારી વાત એ છે કે, કુલ દર્દીઓમાંથી માત્ર ૮ ટકા જ એક્ટીવ કેસ રહ્યા છે.

કોરોનાના કેસમાં ગ્રોથ રેટ નીચે આવતા ૯ દિવસે પહોંચ્યા છે. ત્યારે વિજય નહેરાએ આ અંગે જણાવ્યું હતું કે, કોરોનાના કેસને સામેથી પડકવાની કામગીરીના કારણે આ શક્ય બન્યુ છે. જ્યારે ડબલીંગ રેટ ૨૦ એપ્રિલ બાદ ૯ દિવસે હવે કેસ ડબલ થઈ રહ્યા છે. ત્યારે હવે સૌથી અગત્યની વાત એ છે કે, ઈન્ફેક્શન રેટ વધે નહીં તે જોવાનું રહેશે.

વિજય નહેરાએ વધુમાં જણાવ્યુ હતું કે, એસવીપી હોસ્પિટલમાંથી એક હજારથી વધુ દર્દીઓ સારવાર મેળવી ચુક્યા છે. અહીં ૩ મહિનાનું કામ ૧૫ દિવસમાં કરી બતાવ્યું છે.

આ ઉપરાંત દરિયાપુર દરવાજા પાસે એક ખાનગી હોસ્પિટલ લોખંડવાલા હોસ્પિટલમાં આવતી કાલથી ઈસા ફાઉન્ડેશન સાથે મળી કોવિડ-હોસ્પિટલ શરૂ કરવામાં આવશે. જ્યાં સંપૂર્ણ પણે મફત સારવારા આપવામાં આવશે.ડોક્ટર્સ અને મેન પાવર પણ આપશે આ હોસ્પિટલ. આ સાથે મ્યુ. કોર્પોરેશન પણ સંપૂર્ણ પ્રકારની મદદ કરશે. પ્રથમ વખત મફત સારવાર આપતી ખાનગી હોસ્પિટલ બનશે.

## ગાંધીનગર શહેરમાં ૩,ગ્રામ્ય વિસ્તારમાં સાત કેસ નોંધાયા

# પાટનગર ગાંધીનગરમાં કોરોનાનો આતંક: એક જ દિવસમાં ૧૧ કેસ નોંધાયા

અમદાવાદ,તા.૩૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ માણસા કલોલ તાલુકામાં કોરોનાવાયરસના આંકડા ધીમે ધીમે વધી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તાર હવે વધુ સજાગ નહીં બને તો કોરોના વાઈરસ ગામડાઓમાં ભરખી જશે. તેવા સમયે આજે ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૧ કેસ સામે આવ્યા છે. જેમાં પેથાપુરમાં રહેતા ૫૯ વર્ષીય વૃદ્ધા કોરોના વાયરસનો ભોગ બન્યા છે. વૃદ્ધાના પરિવારમાં તેમનો પુત્ર કોરોના પોઝિટિવ આવ્યો હતો, જેને લઈને તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

જયારે માણસા તાલુકાના ચડાસણા ગામમાં બે કેસ સામે આવ્યા છે. જેમાં ૬ વર્ષીય બાળક અને ૪૦ વર્ષીય પિતાનો સમાવેશ થાય છે. દહેગામ તાલુકાના હાલીસા ગામમાં અગાઉ એસઆરપી જવાન પોઝિટિવ આવ્યો હતો. તેના પરિવારમાં વધુ બે કેસ સામે આવ્યા છે. જેમાં ૩ વર્ષીય દીકરી અને ૪૨ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે, તેની સાથે આ ગામમાં જ ૨૪ વર્ષીય યુવક પોઝિટિવ આવ્યો છે. હાલીસા ગામમાં આજે ત્રણ કેસ સામે આવ્યા છે. નાંદોલ ગામમાં સામે આવ્યો છે, જ્યા ૪૪ વર્ષીય મહિલા પોઝિટિવ આવી છે. આ મહિલા થોડા દિવસ પહેલા અમદાવાદના નરોડાથી નાંદોલમાં આવ્યા હતા. જો કે આ કેસનો સમાવેશ અમદાવાદમાં કરવામાં આવશે મહિલા નરોડા રહે છે અને નાંદોલ આવ્યા હતા.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં પણ આજે વધુ કેસ સામે આવ્યા છે. જેમાં સેક્ટર ૨૪ શ્રીનગરમાં ૪૯ વર્ષીય પુરુષ, સેક્ટર ૩માં ૩૫ વર્ષીય મહિલા અને સેક્ટર ૨B માં ૮૧ વર્ષીય વૃદ્ધનો સમાવેશ થાય છે. ત્યારે આજે સામે આવેલા ૧૧ કેસમાં ગાંધીનગર શહેરમાં ૩, ગ્રામ્ય વિસ્તારમાં પેથાપુરના સમાવેશ સાથે ૭ કેસ સામે આવ્યા છે. તેની સાથે સમગ્ર જિલ્લાનો આંકડો ૫૦ પહોંચ્યો છે જયારે કલોલમાં પણ એક કેસ સામે આવ્યો છે. ૩૮ વર્ષીય યુવતી ન્યુટ્રીશીયન આસિસ્ટન્ટ તરીકે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવી રહી છે. જેનો કોરોના પોઝિટિવ આવતા આજે જિલ્લાનો આંકડો ૫૦ ઉપર પહોંચી ગયો છે.

# રાજ્ય સરકાર કોરોનાની ટેસ્ટિંગ ક્ષમતા વધારશે, રોજ ૬,૦૦૦ લોકોની તપાસ કરવામાં આવશે

ગાંધીનગર,તા.૩૦

ગુજરાતમાં કોવિડ-૧૯ કેસમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે રાજ્ય સરકારે આગામી બે-ત્રણ અઠવાડિયામાં દૈનિક ટેસ્ટિંગ ક્ષમતા વધારવાનો નિર્ણય કર્યો છે. હાલમાં રાજ્ય સરકાર પાસે પ્રતિ દિવસ ૩૭૦૦ ટેસ્ટ કરવાની ક્ષમતા છે. પરંતુ કોરોના મહામારીની સ્થિતિ વણસી રહી છે ત્યારે સરકારે ટેસ્ટિંગ ક્ષમતા વધારવાનો નિર્ણય કર્યો છે.

સરકારના મહત્વના સૂત્રના જણાવ્યા પ્રમાણે, રાજ્યની તમામ સરકારી કોલેજો જયાં કોવિડ-૧૯ના ટેસ્ટ થાય છે તેની ક્ષમતા આગામી ૧૫ દિવસમાં વધારવામાં આવી શકે છે. સૂત્રએ જણાવ્યું, “હાલમાં આપણી ટેસ્ટિંગ ક્ષમતા ૩૭૦૦ ટેસ્ટ પ્રતિ દિવસ છે. જયારે આપણે રાજ્યભરમાં ૨૫૦૦થી ૨૭૦૦ ટેસ્ટ રોજ કરીએ છીએ.

જો જરૂર પડશે તો રાજ્ય સરકાર ૬૦૦૦ ટેસ્ટ પ્રતિ દિન સુધી સરકારી કોલેજોમાં ટેસ્ટિંગ કેપેસિટી વધારશે.સૂત્રનું માનીએ તો સરકારને આશા છે કે, હજી થોડી ખાનગી લેબોરેટરિઓને કોવિડ-૧૯ના ટેસ્ટ કરવાની મંજૂરી મળશે. સૂત્રએ કહ્યું, “ભારત સરકારે લક્ષણો ના દેખાતા હોય તેવા કોરોનાના દર્દીઓને ઘરે જ આઈસોલેટ કરીને તેમની સારવાર કરવાની મંજૂરી આપી છે ત્યારે રાજ્ય સરકાર ટેસ્ટિંગ વધારવા તરફ વિચારી રહી છે. મે મહિનાના મધ્ય સુધીમાં ટેસ્ટિંગ કેપેસિટી ૬૦૦૦ વ્યક્તિ પ્રતિ દિન હશે.

# સુરત ના દેલેર દાતાર રાજેન્દ્રસિંહ મોહનસિંહ શેખાવત

આજે વિશ્વમાં જ્યારે કોરોનાવાયરસ દ્વારા મહામારી સર્જાઈ છે ત્યારે વિશ્વ આખા ને મુસીબત એ માં માં લીધું છે ત્યારે આવા માથા સમયમાં માણસ તમામ બાબતે લાચાર થઈ ગયો છે ત્યારે માણસને કોઈ ઉપાય મળી રહ્યો નથી એવામાં અનેક જગ્યાએથી અનેક પ્રાંતમાંથી લોકો ગુજરાત તેમજ સુરત ખાતે પોતાની રોજી રળવા અનેક લોકો આવતા હોય છે તેમાં આ મહા મારીના પપ્પી સારાયે લોકોને જાણે સ્થિર કરી ગીતા માનનીય વડાપ્રધાને લોક ડાઉન જાહેર કરતા કેટલાય લોકોની ગતિ અટકી ગઈ હતી તેવામાં રોજનો લઈ રોજનું ખાતા શ્રમિકો મુશ્કેલીમાં મુકાઈ ગયેલા તેવામાં ફરિશ્તા ના રૂપમાં આવા શ્રમિકોના પેટનો ખાડો પુરવા માટે અનેક સંસ્થાઓએ પોતાનું યોગદાન આપી અનેક લોકોને જમવાનું આપ્યો માસ્ક આપ્યા સેનેટ રાઈઝર આપ્યા તેમજ જમવાની સુવિધાઓ માટે પણ કીટનું વિતરણ કર્યું આવા જ એક ફરિસ્તા ને વાત કરું તો રાજેન્દ્રસિંહ મોહનસિંગ શેખાવત નામના દિલેર દાતાર દ્વારા એક થી લઈ અનેક લોકોને જાણે ભગવાન મળી ગયા કેમકે આ વ્યક્તિ લોક ડાઉન થતાની સાથે જ અનેક લોકો માટે સવાર-સાંજ રસોડું ચલાવી રોજના ૪૦૦૦ લોકોની આસપાસ શ્રમિકો તેમજ મધ્યમ વર્ગને ખાવાનું પહોંચાડવાનો સુરત ખાતે નો મોટો રેકોર્ડ તોડ્યો છે ખાલી જમવાનું જ નહીં પરંતુ લાંબો હાથ ન કરી શકનાર મધ્યમ વર્ગના પણ મસિહા બન્યા તેમને જ્યાં પણ ભૂખ્યા અને લાચાર લોકો દેખાય ત્યાં તે જમવાનું અને ફ્રીી માત્ર બે જ કલાકમાં પહોંચાડનાર રાજેન્દ્રસિંહ શેખાવત ધન્યતા ને



પાત્ર છે રાજેન્દ્રસિંહ શેખાવત એક ફોન આવતા તરત જ સમસ્યા નો હલ કરી લોકોને પહોંચાડે છે આજે જ્યારે હજુ લોક ડાઉન ચાલુ છે ત્યારે તેમનું રસોડું પણ ચાલે છે કોઈપણ પાસેથી કઈ પણ માંગ્યા વગર લોકોની ભૂખને શાંત કરનાર રાજેન્દ્ર ભાઈ એ લોકોને ખાવાનું પણ ગુણવત્તાસભર આપેલું છે તેના ખાવાનું મેનુ પણ સરસ અને પૌષ્ટિક હોય છે આ વાત કરતા એકલા ભરતી જોસના બેન ચૌહાણ કહ્યું કેમ એ જયારે રાજેન્દ્ર ભાઈ ને કહ્યું । અમે મુસીબતમાં છીએ તરત જ રાજેન્દ્ર ભાઈ વાર ના લગાડતા અમને જમવાનું મોકલી આપ્યું અને એ પણ આપણા ઘર કરતા પણ સરસ અમે રાજેન્દ્ર ભાઈ ને લાખો દુઆ વો આપીએ છીએ રાજેન્દ્ર ભાઈ ત્યારથી અમને અમને બપોર અને સાંજનો જમવાનું સંતોષકારક પહોંચાડે છે આપણને સંતોષ થાય તેઓ મેનુ હોય છે તેમના મેનુમાં સાત પુરી શાક રોટલી દાલ બાટી ખીચડી ખીર પુરી ભજીયા મિક્સ વેજ હલવા પુરી મસાલા ખીચડી પ્લેન ખીચડી મટર પુલાવ વેજ બિરયાની લીટી ચોખા પુરી ભાજી કઢી ખીચડી છોલે ભટુરે અને હજુ પણ ઘણું જ મેનુ તેમનું છે.દરરોજ શાક ચેન્જ કરીને બનાવે છે આ ભાઈ બિઝનેસમેન છે તેઓ ઈલેક્ટ્રોનિક શો રૂમ હોટેલ મંડપ સર્વિસ બિલ્ડર તેમજ બ્રિજ ડેપો વગેરે બિઝનેસ સાથે જોડાયેલા છે કહેવાની વાત એ છે કે સુરતમાં તો બિઝનેસમેનની કમી નથી પરંતુ બધા જ તો રાજ શેખાવત ન હોય ને આ ભાઈએ કેટલાય લોકોને ખવડાવ્યું તેમજ હજુ સુધી કોઈને પણ ના નથી કે જેઓને જરૂરિયાત છે આવો દાતાર જ સાચો બિઝનેસમેન કહેવાય સુરત તો દાતાર ની ભુમી છે પરંતુ દાનનો ભોમિયો તો કોઈક જ હોય શકે રાજેન્દ્ર શેખાવત ધન્યતા ને પાત્ર છે તેઓ સુરતના અડાજણ ખાતે રહે છે આવા દાતાઓ દ્વારા જ ભારતની ભૂમિ સ્થિર છે આ ભાઈને નાતો રાજકારણનું મોત છે ન કોઈ દેખાદેખી નમો છે ના કોઈ બીજી વસ્તુ તમારા ત્યાં તો એમ દ્વારા તમારું આપ્યું છે પરંતુ તેમણે તો દિલથી બધાને સહાય કરી છે એ કોઈ પક્ષમાં નથી એ બિલકુલ નિષ્પક્ષ નિસ્વાર્થ પ્રેમથી લોકોને ચમાડી રહ્યા છે આવા માથા સમયને ચપટી માં ભરી ને દુઃખને આમ ફેકી દેતા માનવીએ ભગવાનથી જરાય કમ નથી તો તેના વિશે બે શબ્દ, તો હોવા જોઈએ જય દાતાર તારા વગર આ ભૂમિ માં ભગવાન તો જોવા નથી મળતો ભૂખ્યાને ભોજનના રૂપમાં તું મળ્યો એક રાજેન્દ્ર શેખાવત રાજેન્દ્ર શેખાવત નમન છે તમને નમન છે તમારા તમારા દેશપ્રેમને બસ આવી જ રીતે દેશને પ્રેમ કરતા રહો દેશને જ્યારે જરૂર હોય અત્યારે બેન્કમાં નહીં પરંતુ લોકોના પેટમાં નાખતા રહો એ જ સહાય છે આ સહાય કેમ ભૂલી શકાય ભગવાન તમને આવી દાતારી આપે ભગવાન તમને સ્વસ્થ રાખે-રીપોર્ટ કાકડિયા શોભના

# ન્યુઝ ઓફ ગાંધીનગર.સાહિત્યિક વિભાગ(સુભાષિતો)અહેવાલ : જીજ્ઞા કપુરિયા

"સુભાષિત"સુપ્રભાત મિત્રો

સુભાષિત અલ્પમાં ઘણું કહી જાય છે.હમણાં આ કઠિણ સમય માં આપણે રોજ એક સુભાષિતને મમળાવશું. મારી દ્રષ્ટિએ સુભાષિત એટલે સામાજીક વ્યવહારમાંથી મળેલી શીખ જે વાંચી માનવી પોતાના જીવનને સુષ્ઠ ભાષિતમ્ ના ગુણ માં પરોવે ને નાની કવિતા કે, સુભાષિતને મુક્તક, સૂક્તિ વગેરે નામોથી પણ ઓળખાય છે. આ સુભાષિતો સુચારુ અભિવ્યક્તિની દ્રષ્ટિએ મોતી જેવા હોય છે એટલે તેને મુક્તક પણ કહેવાય છે.હમણાં મુક્તક શબ્દ કર્ણ પર સંભળાવા લાગ્યો એટલે થયું કે વર્ષો પહેલા રચાયેલા આ સુભાષિતો ની માળા નું મોતી એક એક કરી મિત્રો સુધી પહોંચાડું..??

સુભાષિત ૧

આજ એક પછી એક દુખદ સમાચારોથી મન વિચલિત થઈ ગયું.ભગવાને બે અદાકાર તો એક લેખિકાને ઉપર તેડાવી લીધા..સુભાષિતો માં પણ દુખ દર્દના સુભાષિતો રચાયા છે .જેમાં પ્રેમ નો વિરહ હોય કે,સંબંધના તૂટવાનું દુખ હોય કે મૃત્યુનો સામનો..પણ તેમાં પણ ધીરજ ને ધૈર્ય ધરવાની સુંદર રીતે શબ્દોની ગૂંથણી કરી સાંત્વના અપાય છ

૧ ) "છે મૃત્યુ જો અફર,સત્ય, વૃથાશ્રું શાને?"

"શાને વિલાપ ,કકળાટ, અરણ્ય રોણાં ?"

કવિએ સુભાષિતમાં મૃત્યુને એક એવો કુદરતનો અફર નિયમ કહ્યો છે જે જન્મ સાથે સાથે જ નક્કી થઈને આવેલી ઘડી છે.તેને સ્વીકારીને મનુષ્યે વિલાપ ન કરવો જોઈએ.

મૃત્યુ એક અફર સત્યતા છે,જન્મ છે તો મૃત્યુ નિશ્ચિત છે.કોઈ એંસી વર્ષે તો કોઈ જન્મીને તુરંત જ .મારી નજરોએ મે પણ અનેક મૃત્યુ જોયા છે..મારી બેનનું બાળક જન્મીને એકજ દિવસ દુનિયા જોય..મારા માતા,પિતા ,મારા સસરા,સાસુ ને મારા જીવન સાથી..કે મારો નાનો ભાઈ..સમયની થોડી જ ક્ષણોમાં જીવનની લીલા સમેટી ચાલ્યા ગયા.સનાતન સત્ય છે.કોઈનું મૃત્યુ થાય તો સ્વજનો હૈયાફાટ રૂદન કરેછે.આ રૂદન કરવાથી

વ્યક્તિ પાછી નથી આવતી.

ગીતામાં કૃષ્ણ કહી ગયા કે દેહ નાશ પામે છે પણ આત્મા તેના સદ્ કાર્યો નાશ નથી પામતા,તે દ્વારા તેઓ આપણી વચ્ચે જીવીત રહે છે.માનવ મૃત્યુ બાદ તેનો આત્મા નવો દેહ ધારણ કરે છે.જૂના વસ્ત્રનો ત્યાગ કરી નવું વસ્ત્ર પહેરીએ છીએ તેવી રીતેજ આત્મા પણ નવા દેહમાં પ્રવેશી નવો દેહ ધારણ કરે છે.

મૃત્યુનો શોક નહિ મનાવવા કવિ કહે છે કે વ્યર્થ રૂદન કરવા કરતા આત્માને શાંતિ મળે તેવી પ્રાર્થના કરવી જોઈએ.

★મૃત્યુ માટે કહી શકાય કે ઊગે છે તે આથમે છે,ફૂલ ખીલે છે ને કરમાય પણ જાય છે..આ નિયમતો ઈશ્વરનો સર્જેલો છે.જન્મ છે તેનું મરણ ની પળોને ક્ષણો તે ઊપરથી જ નક્કી કરી મોકલે છે.માટે શોક ન કરતા,આત્માની શાંતિની પ્રાર્થના કરવી જ રહી.??

સુભાષિત ૨

સુભાષિત આપણી સંસ્કૃતિનો વિશેષ પરિચય આપે છે.સુ + ભાષિત એટલેકે સુ સુગમ કે સારી રીતે કહેવાયલી વાત. સુભાષિત માં અનુભૂતિ થયા પછીનો નિચોડ જે સંસારમાં રોજબરોજ પ્રસંગ કે ઘટના ઉદ્દભવે ને જ્ઞાનીઓ તેને બે પંક્તિઓમાં આપણને જ્ઞાન રૂપી પીરસી જાય.

૨ ) "પાન સડે, ઘોડા અડે, વિદ્યા વિસરી જાય;"

"રોટી દાઝી શેકતાં,કહો ચેલા કેમ થાય..?"

અહીં કવિ કે ગુરુ એ પોતાના વિદ્યાર્થીને/ ચેલાને અનુભવ દ્વારા ગતિશીલતા ને સંસારચક્રનું મુખ્ય અંગ ગણાવ્યું છે.

આજે બધાજ ઘરમાં સ્થિર થઈ ગયા છે.સરકાર પણ તેના પ્રયત્નોમાં જૂટી ગઈ છે.કોને પોતાના દેશની પ્રગતિ અટકાવવી ગમે ?રોગ થી ડરી બેસી રહીશું ને પ્રતિકારક ઉપાયો ન શોધ્યા તો અટકી જઈશું.સાથ અને સહકાર વિના કેમ ઉદ્ ભવશે આ..? માટે સ્થિત નહિ ગતિશીલ બનો.

અહીં ગુરૂ દ્વારા સમજ આપી છેકે નાગરવેલના પાન વેલીએ થી તોડ્યા પછી,પાણીમાં રાખી મૂકીએ ને ઉથલાવીએ નહીં તો પીળા પડી જાય..સડી જાય ખાવા યોગ્ય જ ન રહે.

ઘોડાને જો પાળીએ પછી ન તો સવારી કરીએ કે ન તેને ગાડીએ બાંધીએ તો તેના પગ તેની ગતિ અટકી જાય તો ન તો ભાગવાને યોગ્ય રહે ન કામને..!

જો ભણ્યા ગણ્યા પછી ચોપડા ઉંચા મૂકી દઈએ વાંચન ને વાંચીએ નહિ કે ફરી ફરી ઉથલાવીએ નહિ તો તે ભુલાઈ જાય.બુદ્ધિ પણ નષ્ટ થઈ જાય.સૂઝબૂઝ વિસરાય જાય.

રોટલી બનાવવા બેસીએ ને તેને ઉથલાવીએ નહિ તો રોટલી બળી જાય ને ખાવા યોગ્ય જ ન રહે.

જો ઘર અવાવરું છોડી દઈએ તો રહેવાને યોગ્ય જ ન રહે.લોંખડને પડી રહેવા દઈએ તો કાટ ખાઈ જાય.

પ્રકૃતિ પણ આવા બદલાવ લાવે, તો ગભરાયા વગર ઉપાય શોધીએ, જીવન ચક્ર તો ગતિશિલતા ને જ શોભે.

સ્થિરતા ને નહિ.માનવ છો સહ્દયી માનવી બની જ્ઞાન ધ્યાન ને પ્રકૃતિનો સાથે લઈ નવું નવું ઉથલાવ્યા કરો..કોઈક માર્ગ તો પ્રભુએ સર્જ્યો જ હશે..

આમ હારો નહિ કે નહિ સ્થિરતા સ્વીકારો ગતિશિલતા ને જીવન ચક્રને વહેતા પ્રવાહ ની જેમ નદી જેવું ગતિશિલ બનાવી આ પરિસ્થિતિ ને હરાવો.

ચાલો ગતિ વગર પ્રગતિ નથી,માટે કાર્યશીલ બનો. આવેલી પરિસ્થતિને એકજૂટ થઈ સમજદારીથી સાથ ને સહકારથી ઉથલાવો ચક્રમાન કરો.

સુભાષિત ૩

સુભાષિત એટલે જીવનનાં તમામ ક્ષેત્રોને આવરી લેવાતા નાના પદ્ય. ગાગરમાં સાગર ની જેમ સુભાષિતો સીધા વાચકને સ્પર્શે છે.તેને અર્થ સભર ને જ્ઞાનસભર જીવવાની પ્રેરણા અર્પે છે.માટે સુભાષિતો મનનીય કહેવાય છ

૩ ) "સરવાળો સત્કર્મનો,ગુણનો ગુણાકાર;"

"બાદબાકી બૂરાઈની,ભ્રમનો ભાગાકાર."

આ સુભાષિત આમ જોવા જઈએ તો ગણિતશાસ્ત્રનો ઊત્તમ નમુનો છે,આ શાસ્ત્ર માં જો સરવાળો,બાદબાકી ,ગુણાકારને ભાગાકાર આપણી જીવનશૈલી ને જુદી જુદી રીતે ઘડે છે.

અત્યારના એવી પરિસ્થિતિ છે કે સરવાળો કરવા જતા મહારોગ કોરોનાની વૃદ્ધિ જ થાય છે,સંક્રમણ વધતું જ જાય છે.પણ જો તેના સંક્રમણને રોકવા સરકારના કાયદાનું પાલન કરવાથી તેની બાદબાકી પણ થઈ સકે છે.તે પાલન એટલે સત્કર્મ ..ને બૂરાઈની હાર ,સાચા સહ્દયી બની આ સંક્રમણને નાથી સકાય તેમ છે. તો ભારતીય નાગરીકત્વના ગુણો નો ગુણાકાર કરવાથી એક સમજદાર નાગરીક બની પોતે કે આડોશપાડોશ ના લોકોને સમજાવી પ્રેક્ટિકલી ઉદાહરણ રૂપ થઈ ઘણું જ સંક્રમણ રોકી સકાય તેમ છે.ભાગાકાર એટલે ભાગવું..દસની રકમને એક ડોક્ટર ને એક નર્સ બે થઈ ભાગી નાંખે તો પાંચ રોગી ને નિરોગી બનાવી બહાર સત્કર્મની જીવનની હરોળમાં લાવી મૂકી સકે છે. ખરેખર જીવનનું ગણિત સમજાવતા આ સુભાષિતને જિંદગી માં અપનાવશો તો ખુશી ભર્યુ જીવન જરૂર ફરી શરૂ કરી સકીશું.

કવિએ સત્કર્મો નો સરવાળો કરવાનું કહ્યું છે.ભૂખ્યાને ભોજન,તરસ્યાને પાણી, વૃદ્ધ ને અપંગને સહારો,નિરક્ષર ને અક્ષર જ્ઞાન આ બધા સદ્ કાર્ય કરવાથી સરવાળો સત્કર્મો નો વધતો જાય ને પ્રભુના ચોપડામાં બધું જ સરવાળે સરવાળે વધતું જ જાય.

ગુણાકાર કરવાથી સંખ્યા માં વધારો જ થાય છે ,અહિંસા,દયા,કરુણા,સ્નેહ ને મમતા જેવા ગુણોના ગુણાકારથી માનવી માનવતા શીખે છે.જેમ ફૂલ તેની સુગંધ અર્પીને નાશ પામે છે મહેકથી નામના પણ મેળવે છે તેમ માનવી પણ નામના મેળવી સકે છે ગુણોના ગુણાકારથી જ. કવિએ બૂરાઈની બાદબાકી જીવનમાંથી કરવાની સલાહ આપી છે,જેટલા સત્કાર્ય વધું તેટલી બૂરાઈ ઓછી.ખોટું બોલવું,ચોરી કરવી,અધર્મ આચરવો આ સર્વ ને જીવનમાંથી બાદ કરી જીવવાની સલાહ કવિ આપે છે.

કવિએ કહ્યું છે કે માનવી ખોટા ભ્રમમાં જીવન વ્યતિત કરતો હોય છે.અમે કરીએ તે જ યોગ્ય છે તે ખોટો ભ્રમ છે તે ભ્રમને તોડી વાસ્તવિકતા નો સ્વીકાર કરી જીવનની શંકા કુશંકાનો ભાગાકાર કરી નાંખે તો જ જીવનમાં સફળતાએ પહોંચે છે.ભ્રમનો ભાગાકાર કરવાથી સંખ્યામાં ઘટાડો જ થશે.

આ સુભાષિત ગણિતશાસ્ત્રના ગણિતથી જીવનના ગણિતનો દાખલો સમજાવી જાય છે

તો ચાલો સરવાળો,બાદબાકી,ગુણાકાર ને ભાગાકાર કરી જીવનની કેડી પસંદ કરી દાખલો સાચો પાડીએ.

જયશ્રી પટેલ

# " પડે તેવી દેવાશે " રૂપાણી ની અખતરા સરકાર.ભાગ - 3 : પ્રદીપ રાવલ

ગાંધીનગર સરકારી તંત્ર ની ઘોર બેદરકારી ના લીધે ગાંધીનગર તેમાંજ આસપાસના પેથાપુર.દહેગામ.કલોલ.માણસા સંક્રમિત થયાં..કમિશનર ની અને કલેક્ટર ની ઠીલી રાજકીય કહ્યાગરા હોવાથી અમદાવાદ અને ચારે બાજુ થી પાટનગર ની સરહદો સીલ કરી નહિ અને સરકારી પાસ કઢાવી લોકો આવ જા કરે છે..મેયર. ડે.મેયર.શહેર જિલ્લા ભાજપ ના હોદ્દેદાર તેમજ ભાજપ ના કોર્પોરેટર પણ અમિત શાહ ની કીટ વહેંચવા ભેગા થતા તેમને પ્રસિદ્ધિ આપનાર પત્રકાર પોઝિટિવ આવતા હાલમાં બધા કોરોન્ટિન છે..હવે કોણ કોની ઉપર કેસ કરે...ગાંધીનગર ના બાબુઓ માં કાયદાનો કોઈ અમલ ક્યારેય થયો નથી..જેનું શાશન તેના નિયમો ને આધીન બધું ચાલે છે.. એસ. પી અડધો દિવસ તો ડીજીપી નીં રોજ ૪ વાગે પ્રેસ હોવાથી સ્વર્ણિમ ભવન જ. હોય છે.સેકટર ૨.૩.૭.૮.૨૩.૨૪.૨૯ પ્રભાવિત હોવાથી ખાલી મૂકવા ખાતર બેરિકેટ થી રસ્તાઓ સીલ છે.પણ આવન. જાવન ઉપર કોઈ રોકટોક નથી.કેમકે સરકારી બાબુઓ ગલા માં કાર્ડ લટકાવી સરકારી ગાડીઓ માં આવ જા કરે છે..પોલીસ નામની ખાલી ઝાડ નીચે ઊભી છે .કોઈ રની ધની જેવું કાઈ છે નહિ..કહેવાનો ખાલી ચ રોડ ચાલુ છે.બાકી આંતરિક રસ્તાઓ ઉપર અવર જવર જોવા મળે જ છે..લોક ડાઉન અમલ છે જ નહિ.ગાંધીનગર ના સાચવી શકે તે આખું ગુજરાત શું સાચવે?

આ રૂ બીબીબીપાણી ભાઈ જાણે મિર માર્યો હોય તેમ સાડા છ કરોડ ની વસ્તી માં ૨૨૦૦ બેડ ની હોસ્પિટલ કરવા વાળાએ તૈયાર કરી તેની ખુશી વ્યક્ત કરે છે. પણ છ દિવસ માં રૂપાણી સરકારે છા કરોડ નો સર્વે કરાવ્યો ં વા વિશ્વ વિખ્યાત જુઠ્ઠાણું ફેલાવ્યું તેનો કોઈ ગમ વ્યક્ત નથી કરતા...જેવા તેમના આકાઓ તેવા જ તે પાકે ને..ખાનગી દવાખાના પીપી ઈ કીટ સ્થાનિક રાજનેતાઓ દ્વારા અપાવવાની અને પ્રાઇવેટ હોટલો માં કોવિડ પાટિયા ના બેડ લગાવવાના અને પ્રાઇવેટ સંસ્થાઓ દ્વારા લાખો ફૂડ પેકેટ અપાયાને જમવાના તેમજ કરિયાણા નિં કીટો વહેચાઈ..આં ભાઈ તો ખાલી ઉદ્યોગપતિઓ અને એસો શીએશનો પાસે ખાલી ફંડ માં ચેકો લેતા ફોટા પડાવ્યા છે.આખા ગુજરાત ના મામલતદાર અને તલાટીઓ એ સ્થાનિક સંગઠનો ની મદદ થી લોકો ને ફૂડ પેકેટ વહેચવ્યા છે.સરકારે તો સડેલા અનાજ બીપીએલ અને એપી એલ વાળા ને હજુ માંડ એક વાર આપી શકી છે તેમાં પણ કાળા બજાર ની ફરિયાદો અને આખા ગુજરાત ના સસ્તા અનાજ વાળા નું યુનિયન સરકાર વિરુદ્ધ તેમજ તેના પ્રમુખ પીએમ ના ભાઈ એ ચેલેન્જ આપી કે રૂપાણી બોલાવે તો હું તેના અધિકારીઓ નો ભ્રષ્ટાચાર ખુલ્લો કરીને બતાવુ.....પણ આં તો મોદી શાહ ના પોઠિયા...ખાઈ ને સુઈ જવાનું અને મારી ને નાસી જવાનું....કોઈ જુઠ્ઠાણાં કે આક્ષેપો ના જવાબ આપવાના નહિ. આ રૂપાણી ને દુભાષિયા લખીને આપે એટલું જ બોલે. એમાંય હિન્દી તો ગોખવું પડે...એટલે છેલ્લા એક મહિના મા પ્રેસ સામે આવતા તો દરે છે. તેમના આકા નથી આવી શકતા તો આભાઇ ક્યાંથી આવે...ખાલી જાહેરાત માં બૂમો પાડે..એ પણ ગોદી મીડિયા માં છપાવી ખુશ થઈ સરકાર ના પૈસા બરબાદ કરે..હજુ સુધી ૩૭ દિવસ માં પ્રેસ ની સામે આવવાની હિંમત કરી નથી. હાલ માં તો જાણે સીએમ વિજય નહેરા...આરોગ્ય મંત્રી જયંતિ રવી અને અન્ન નાગરિક પુરવઠા મંત્રી અશ્વિનીકુમાર તેમજ ગૃહ મંત્રી જાણે ડીજીપી શિવાનંદ ઝા હોય તેવું ગુજરાત ની પ્રજા અનુભવી રહી છે..કેમકે મેડિકલ ના અભ્યાસ વિનાના આરોગ્ય મંત્રી. અર્થશાસ્ત્ર ભણ્યા વિનાના અન્ન નાગરિક પુરવઠા મંત્રી અને શિક્ષક ની લાયકાત વિનાના શિક્ષણ મંત્રી ની રૂપાણી સ્ટેમ્પ સરકાર માં ક્યાંથી આં મહામારી માં આં અભણ મંત્રીઓ ભાષણ કરે..તોયે બિચારા આં સનદી મંત્રીઓ તેમની પ્રેસ માં વારે ઘડીએ રૂપાણી.નીતિન પટેલ અને પ્રધાનમંત્રી ના નામ ની માળા જપી ને જ કોઈપણ પ્રેસ ની શરૂવાત કરે...જાણે કે નિવૃત્તિ પછી નીબોરવૃત્તી ની પાળ બાંધતા હોય તેવું તેમના શબ્દો માં લાગે...૩૬ દિવસ માં ૪૦૦૦ થી વધારે કેસ કોરોના ના ગુજરાત માં થઈ ગયા તોયે રૂપાણી સરકાર સર્વ સજ્જ નું ગાણું ગાયે રાખે અને ગોદી મીડિયા બે પાંચ જાહેરાત ની લાલચે લાઈવ બતાવે રાખે અને વાહ વાહ છાપે રાખે...હજુ સુધી રૂપાણી કે તેમની હાઈ પાવર કમિટી જાણે છે કે આખા ગુજરાત માં માત્ર સ્વૈચ્છિક સંસ્થાઓ જ જમવાનું.કીટ.જીવન જરૂરિયાત ની ચીજ વસ્તુઓ વહેંચે છે તેમ છતાં રાજકારણ રમીને તેમાંના કોઈ નું નામ ક્યાંય બોલ્યા નથી કે આભાર માંગી નથી. ભગવું ભાજપ તો માટે સાંસદ અને ધારાસભ્યો ની કીટ તેમની વોટ બેંક મા વહેચણી કરવામાં પડ્યા છે. પણ કોરોના પહેલા મત આપનાર ના ઘરે ગઈ કેમકે મત આપી આં અનૈતિકતા ભરેલા નેતાઓ ને ચૂંટી ને લાવ્યા તેનો દંડ આપ્યો.હવે ધીમે ધીમે ભ્રષ્ટ અધિકારીઓ ના ઘરે અને પછી રાજનેતાઓ ના ઘરે પણ જનાર છે...સેવા કરવા વાળા સેવા કરે અને આં સરકારી સુખ સગવડો માં બંધ બારણે ચર્ચાઓ કરે..માહિતી ખાતા ના પણ હ અધિકારીઓ પણ પોઝિટિવ થયાં છે અને ૧૩ જેવા પત્રકારો પણ ફિલ્ડ માં ફરતા પોઝિટિવ આવ્યા છે પણ હજુ આં બહેરી સરકાર કોઈ પત્રકારો નું પેકેજ બહાર પાડ્યું નથી...આં કોરોના ના હાથે જ મારશે તેવું લાગી રહ્યું છે. એક હિ આગ જન ફરિયાદ. ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક....પ્રદીપ રાવલ



બંને સંતો ની હત્યા.... ફિલ્મી કલાકારો કેન્સર બીમારીમાં મૃત્યુ પામ્યા..અને સાહિત્ય જગત ના નામાંકિત કુન્દનિકા કાપડિયા નું પણ નિધન.....સર્વ ને હૃદયભાવ થી શ્રધ્ધાંજલી

## મોડાસાની શ્રીનાથ કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી દ્વારા

# મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂા.૫૧,૦૦૦/- અને સાર્વજનિક હોસ્પીટલમાં રૂા.૨૧,૦૦૦/-નો ચેક અર્પણ કરાયો






મોટી ઈસરોલ, તા.૩૦

આજે વિશ્વભરમાં જીવલેણ કોરાના વાયરસે છેલ્લા કેટલાય સમયથી કાળો કહેર વર્તાવ્યો છે. આ વાયરસના સક્રમણને અટકાવવા તેમજ તેમાંથી બચવાના સનિષ્ઠ પ્રયાસ રૂપે રાજય સરકારને મદદરૂપ થવા માટે મુખ્ય મંત્રી રાહત ફંડમાં રૂા. ૫૧,૦૦૦ નો ચેક તથા અરવલ્લી જિલ્લાની COVID -19 આઈસોલેટેડ હોસ્પીટલની માન્યતા પ્રાપ્ત ર્ડા. રસિકલાલ સેવાસંઘ સાર્વજનિક હોસ્પીટલને રૂા.૨૧,૦૦૦/-નો ચેક મોડાસા શહેરની અગ્રગણિય સહકારી સંસ્થા શ્રીનાથ કો. ઓપ. ક્રેડિટ સોસાયટી, ના ચેરમેનશ્રી સુરેન્દ્રભાઈ જે. શાહ ધ્વારા નાયબ કલેકટરશ્રી આર. જે. વલવી ને તથા સેવસંઘ સાર્વજનિક હોસ્પિટલ ના ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ વી. શાહ (મામા)ને અર્પણ કરવામાં આવ્યો આ પ્રસંગે મંડળીના વા. ચેરમેન ર્ડા. મુકેશભાઈ આર. શાહ મેને.ડિરેકટરશ્રી પરેશભાઈ બી. મહેતા, શ્રી વિરેનભાઈ એચ. શાહ અને મેનેજરશ્રી પ્રકાશચંદ્ર કે. શાહ ઉપસ્થિત રહયા હતા.

# સરગસણમાં સ્થિત અક્ષત આઈકોનમાં કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે પ્રવેશબંધી

વર્તમાન પરિસ્થિતિમાં કોરોના વાયસરના પોઝિટિવ કેસોની સંખ્યા ગાંધીનગરાન વિવિધ સેક્ટરોમાં સતત વધી રહી છે. હજુ થોડા દિવસા પહેલા જ ગાંધીનગર કોરોના મુક્ત શહેર બન્યું હોવાનું શહેરના મેયર તથા વહીવટીતંત્ર થકી માહિતી આપવામાં આવી રહી હતી પરંતુ ગણતરીના દિવસોમાં જ કોરોનાના પોઝિટિવ કેસોમાં એકાએક વધારો થતાં વહીવટીતંત્ર ચિંતિત બન્યું છે. આ પરિસ્થિતિમાં સોસાયટીમાં કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે સોસાયટીના જાગ્રત રહીશો રાજેન્દ્રકુમાર પંડ્યા, મહેશ શર્મા, પ્રદીપ પટેલ, વિકીરાજ પંડ્યા, શિવદત્ત પંડ્યા, ચેતન વ્યાસ તેમજ અન્ય સોસાયટીના સભ્ય દ્વારા જાતેજ પોતાની સુરક્ષા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો અને સોસાયટીના સભ્યોની દરકારના ભાગરૂપે સોસાયટીનો દરવાજો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમજ સોસાયટીના સભ્યો સિવાય બહારના નાગરીકોને સોસાયટીમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેમજ જીવન જરૂરિયાતની વસ્તુઓ લેવા જવા માટેનો સમય પણ નક્કી કરવામાં આવેલો છે અને આ સાથે જ્યાં સુધી લોકડાઉન પતે નહી ત્યાં સુધી સોસાયટીમાં આ પ્રવેશબંધી અમલમાં રહેશે તેવો નિર્ણય પણ કરવામાં આવ્યો છે.

## અરવલ્લી જિલ્લામાં

# શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુથી ૧૫ મે સુધી પ્રતિબંધિક હુકમો જાહેર કરાયા

મોડાસા- ગુરૂવાર,

હાલ મુસ્લિમ સમુદાયનો પવિત્ર રમજાન માસ ચાલતો હોઇ તેમજ ખાનગી ઈનપુટોને ધ્યાને લેતાં જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે તા. ૦૧- ૦૫-૨૦૨૦ ના કલાક ૦૦-૦૦થી તા. ૧૫- ૦૫-૨૦૨૦ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ .આર.જે. વલવી અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિક મનાઇ હુકમો જાહેર કરાયા છે.

જેમાં શારીરીક ઇજા પહોચાડવા અંગે ઉપયોગમાં લઇ શકે તેવા શસ્ત્રો જેવાકે દંડા, તલવાર, ભાલા,સોટા,બંદુક, ચપ્પું, લાકડી કે લાઠી કે તેવી બીજી કોઇ વસ્તુઓ લઇ જવા અંગે અથવા સાથે લઇને ફરવુ નહી, કોઇ જલદી સળગી ઉઠે તેવી વસ્તુઓ સ્ફોટક પદાર્થો લઇ જવા-ફરવા નહી,પથ્થરો કે બીજા હથીયારો ફેકવા કે નાંખવાના યંત્રો કે સાધનો લઇ જવા કે તૈયાર કરવા નહી, સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઇ જવી નહી, વ્યકિતઓ અથવા તેના તેના શબ, આકૃતિઓ કે આકાર અથવા પુતળા દેખાડવા નહી, લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા કે વાધ્ય વગાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવા નહી કે જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનુ તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો, ચિત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવવાનુ કે સાથે રાખીને ફરવુ નહી.

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલા કોઇપણ અધિકારીશ્રીઓ, શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી રાખતા

વૃધ્ધ વ્યકિત તથા હથિયારના પરવાના ધારકો હથિયાર પ્રદર્શિત ન થાય તેમ ધારણ કરનાર, સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઇ જવાનુ ફરમાવ્યુ હોય અથવા આવુ કોઇ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનુ આવશ્યક હોય, કોઇ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનેરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય

તેવી સંસ્થા કે વ્યકિતઓ, ખેતીના કામે ઓજારો લઇ જતા ખેડૂતો, સરકારશ્રીના સરકારી કાર્યક્રમમાં

અધિકૃત વ્યકિતઓ, કોઇ પણ અંતિમયાત્રાને, લગ્નના વરઘોડામાં વરરાજાને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ

એક વર્ષની સજા થઇ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# કોરોનાને હરાવનાર ગઠામણ ગામના ૩ વ્યક્તિઓને પાલનપુર સીવીલ હોસ્પીટલમાંથી રજા અપાઈ

## પાલનપુર તાલુકાના ગઠામણ ગામના ભાઈ-બહેન અજય અને આશા તથા ૪ વર્ષની બાળકી સુલાફાના બીજા બે રિપોર્ટ નેગેટીવ આવતા ઘેર જવા રજા અપાઈ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લામાં કોરોનાને હરાવનાર ગઠામણ ગામના ૩ વ્યક્તિઓને પાલનપુર સીવીલ હોસ્પીટલમાંથી રજા આપવામાં આવી છે. પાલનપુર તાલુકાના ગઠામણ ગામમાં પ્રથમ કોરોના પોઝીટીવ આવેલા સોમાભાઈ પરમારની પુત્રી આશાબેન ઉ.વ. ૧૮ અને પુત્ર અજય સોમાભાઈ ઉ.વ. ૧૪ બંન્ને ભાઈ-બહેન તથા ગઠામણ ગામની જ ચાર વર્ષની બાળકી સુલાફા ગુલાબરસુલ ધુક્કા ઉ.વ. ૪ વર્ષના બીજા બે રીપોર્ટ નેગેટીવ આવતા હોસ્પીટલમાંથી ઘેર જવાની રજા અપાઈ છે.

પાલનપુર તાલુકાના ગઠામણ ગામની આશાબેન સોમાભાઈ પરમાર અને અજય સોમાભાઈ પરમારને તા.૧૫/૪/૨૦૨૦ અને સુલાફા ગુલામરસુલ ધુક્કાને તા.૧૭/૪/૨૦૨૦ના રોજ કોરોના પોઝીટીવ આવતા બનાસ મેડીકલ કોલેજ સંચાલિત પાલનપુર સીવીલ હોસ્પીટલ ખાતે તૈયાર કરાયેલ કોવિડ-૧૯ હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતાં. ગઈકાલે તેમના બીજા બે રિપોર્ટ નેગેટીવ આવતા હોસ્પીટલમાંથી તેમને ઘેર જવાની રજા આપવામાં આવી છે. પાલનપુર સીવીલ સર્જન ર્ડા. ભરત મિસ્ત્રી અને અધિક્ષકશ્રી ર્ડા. સુનિલ જોષી સહિત અન્ય ર્ડાકટરોએ સાજા થયેલા દર્દીઓને શુભેચ્છા ગીફ્ટ આપી, તાળીઓથી અભિવાદન કરી હોસ્પીટલમાંથી વિદાઈ આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા જિલ્લામાં પ્રથમ કોરોના પોઝીટીવ કેસ નોંધાયેલ વાવ તાલુકાના મીઠાવીચારણ ગામના ૫ વર્ષીય બાળક મહેક અરવિંદભાઈ વડાલીયાએ પણ કોરોનાને મ્હાત આપતા બનાસકાંઠા કલેકટરશ્રી સંદીપ સાગલે અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં તા. ૧૯ એપ્રિલે રજા અપાઈ હતી. બનાસકાંઠા જિલ્લામાં અત્યાર સુધી કુલ-૩૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા હતા તેમાંથી ભાગળ ગામના શ્રીમતી ફાતીમાબેન મુખીનું અવસાન થયું છે. અત્યાર સુધી સાજા થયેલા કુલ-૪ વ્યક્તિઓને ઘેર જવાની રજા અપાઈ છે અને કોરોના સંક્રમિત ૨૫ દર્દીઓ સીવીલ હોસ્પીટલમાં સારવાર હેઠળ છે તેમની સ્થિતિ પણ સારી છે તેમ પાલનપુર હોસ્પીટલના સીવીલ સર્જન ર્ડા. ભરત મિસ્ત્રી અને અધિક્ષક ર્ડા. સુનિલ જોષીએ જણાવ્યું છે.

# કેશોદમાં દોઢ વર્ષના કોમળ ફૂલ જેવા બાળકને ઘરે રાખીને કોરોનામાં ડ્યુટી કરે છે મહિલા કોન્સ્ટેબલ



કેશોદ

(રાજુભાઈ પંડ્યા)જૂનાગઢ જિલ્લામાં એક પણ પોઝિટિવ કેસ ન હોવાથી પોલીસ સતત ખડેપગે છે.ગુજરાતમાં કોરોના વાયરસનો આંકડો સતત વધી રહ્યો છે. તેમાં કોરોના વાઈરેસ થી, મોતના આંકડામાં પણ ધીમે-ધીમે વધારો થઈ રહ્યો છે. ગુજરાત માટે મોટી ખતરાની ઘંટડી સમાન છે. ત્યારે કોરોના ને અટકાવવા માટે પોલીસ વિભાગ શું કામગીરી કરી રહી છે? પોતાનો જીવ જોખમમાં મૂકીને પરિવારની ચિંતા કર્યા વિના લોકોની સેવા કરતી પોલીસ કેવી મુશ્કેલીઓ વચ્ચે પણ ફરજ બજાવે છે તે જોઈએ. આ છે કોમલ ડાંગર જૂનાગઢ જિલ્લાના કેશોદમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલ તરીકે અને આમતો કેશોદમાં ચાર વર્ષ થી ફરજ બજાવે છે

હાલમાં તો એક માતા તરીકેની પણ ભૂમિકા ભજવે છે. કોમલ ડાંગરના પતિ કેશોદના ધ્રાબાવડ ગામે તેમની પોતાની રહેલ ખેતી સંભાળી રહ્યા છે. બંનેને દોઢ વર્ષનો કોમળ ફૂલ જેવો (ઉત્તમ) નામનો બાળક છે. પોલીસમાં ફરજ બજાવતા કોમલ ડાંગર પોતાના બાળક ઉત્તમને ઘરે સુવડાવીને ફરજ પર પોહચે છે એક બાજુ કોરોના જેવી મહામારી ચાલી રહી છે. તેને લઈ દોઢ વર્ષના બાળક (ઉત્તમ) ને ઘરે સુવડાવી અને પોતે પોતાની ફરજ બજાવી રહ્યા છે.આમ તો કોરોના ને લઈને સમગ્ર પોલીસ સ્ટાફ ૨૪ કલાક ખડેપગે છે. કેશોદ કોસ્ટેબલ મહિલા ને સો સો સલામ છે પોતાના દોઢ વર્ષના બાળકને ઘરે રાખીને બજાવી રહ્યા છે કેશોદ ની બજારોમાં ફરજ આપણે પોલીસને હંમેશા કડક અને ખરાબ નજરથી જ જોતા હોઈએ છીએ. પોલીસની છાપ આપણા મગજમાં કેવી છે તે કહેવાની જરૂર નથી. પરંતુ તે વિચારતાં પહેલાં એક વાર ચોક્કસ વિચાર કરજો કે આ એ જ પોલીસ છે જે આપણા માટે જીવને જોખમમાં મૂકીને ફરજ બજાવી રહી છે. પોતાના પરિવારને છોડીને પણ આ લોકો તૈનાત રહે છે.તેમાં કોમલબહેન ડાંગર ફરજ નિષ્ઠાનું ઉત્તમ ઉહાહરણ છે. કોરોના વાયરસ નાના બાળકો અને વૃદ્ધો પર સૌથી વધુ અસર કરે છે. તેમાં આ મહિલા કોન્સ્ટેબલ કોમલ ડાંગર પોતાના બાળક (ઉત્તમ) ને ઘરે રાખીને દરોજ ડ્યૂટી પર જોવા મળે છે....

## આંતરરાજ્યો સરહદો સીલ હોવાના દાવાઓ પોકળ

# રાજસ્થાનના બાડમેરથી એક પરિવાર મોડાસાના પાલનપુર પહોંચતા લોકોમાં ભય

અરવલ્લી બ્યુરો મોડાસા

લોકડાઉનમાં અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય અને જિલ્લા સરહદો સીલ કરી દેવામાં આવી હોવાના સતત દાવાઓ થઇ રહ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લામાં અન્ય રાજ્યો અને જીલ્લામાંથી લોકો વાહનો મારફતે આબાદ પહોંચી રહ્યા છે જીલ્લા પોલીસતંત્ર માટે પણ અન્ય રાજ્ય અને જીલ્લામાંથી વિવિધ વાહનો અને પગપાળા પહોંચતા લોકો અને શ્રમિકોનો પ્રવેશ કોયડારૂપી બની રહ્યો છે રાજસ્થાન અને ગુજરાત સરકાર આંતરરાજ્ય સરહદો સીલ કરી દેવામાં આવી હોવાનો દાવાઓ થઇ રહ્યા છે ત્યારે મોડાસા નજીક આવેલા પાલનપુર ખાતે રાજસ્થાનના બાડમેર થી પરિવાર આવી પહોંચતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો આ અંગે જાગૃત નાગરિકે ડીડીઓ ર્ડો.અનિલ ધામેલીયાને જાણ કરતા બાડમેરથી આવેલ પરિવારની થર્મલ સ્ક્રીનિંગની કામગીરી કરી પરિવારને હોમકોરન્ટાઈન કર્યો હતો

રાજસ્થાનના બાડમેરના ખેતેશ્વર પનેસિંહ રાજપુરોહિત પરિવાર સાથે મોડાસાને અડીને આવેલા પાલનપુર ગામમાં રહે છે ગામમાં કરિયાણાની દુકાન અને મોડાસા માર્કેટયાર્ડમાં દુકાન ધરાવે છે લોકડાઉન પહેલા પરિવાર સાથે રાજસ્થાનના બાડમેર ખાતે પારિવારિક કામકાજ અર્થે ગયા હતા હાલ લોકડાઉન-૨ માં આંતરરાજ્ય અને જીલ્લા સરહદો સીલ હોવા છતાં કોરોના સંક્રમણની દહેશત વચ્ચે ખેતેશ્વર પનેસિંહ રાજપુરોહિત અને તેમના પરિવારના સદશ્યો સાથે પાલનપુરમાં પહોંચતા લોકોમાં કોરોના સંક્રમિત થવાનો ભય પેદા થતા ભારે ફફડાટ ફેલાયો હતો લોકડાઉનમાં ચુસ્ત પોલીસે બંદોબસ્ત દાવાઓ વચ્ચે રાજસ્થાની પરિવાર પાલપુર પહોંચતા લોકોમાં ભારે આક્રોશ છવાયો હતો અને તંત્રની કામગીરી સામે પણ અનેક સવાલો ઉઠાવ્યા હતા . આ અંગે જાગૃત નાગરિકે જીલ્લા વિકાસ અધિકારી ર્ડો. અનિલ ધામેલિયાને જાણ કરતા તાબડતોડ આરોગ્ય તંત્ર અને ગ્રામ પંચાયતના તલાટી અને સરપંચને આ અંગે કાર્યવાહી કરવા સૂચના અપાતા તલાટી, બોલુન્દ્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના અધિકારીઓ અને કર્મચારી પરિવારના ઘરે પહોંચી થર્મલ સ્ક્રીનિંગ સર્વેની કામગીરી કરી પરિવારને હોમકોરન્ટાઈન કરવામાં આવ્યો હતો

# ખંભાત માં રોગ પ્રતિકારક શક્તિ વધારવા આયુર્વૈદિક ઉકાળો બનાવામાં આવ્યો



ખંભાત શહેરમાં હાલમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા વધી રહી છે ત્યારે સરકારી આયુર્વૈદિક હોસ્પિટલ કાણીસા, શ્રી ૪૨ ગામ કડવા પાટીદાર સમાજ ખંભાત તેમજ ખંભાત તાલુકા ગાયત્રી પરિવાર ના સંયુક્ત ઉપક્રમે ખંભાત શહેર ની જાહેર જનતા માટે સંક્રમીત રોગો થી બચવા માટે આયુર્વૈદિક ઉકાળો ૪૨ ગામ પાટીદાર વાડીમા બનાવામાં આવ્યો હતો અને તે ઉકાળાનુ વિતરણ જિલ્લા આરોગ્ય ની ટીમ, નગરપાલિકા તથા સરકારી વિભાગ ના અધિકારીઓની અલગ અલગ ટીમ દ્વારા વિવિધ કોરોના પ્રભાવિત વિસ્તારો કરવામાં કરવામાં આવ્યું. ૨૦૦૦૦ થી પણ વધારે ઉકાળાના ડોઝ આપવામાં આવ્યા હતા.આ પ્રસંશનીય કામગીરી ઉપરાંત અત્યાર સુધીમાં આશરે ૧૮૦૦૦ જેટલી હોમીયોપેથીક દવાઓનુ વિતરણ પણ કરવામાં આવ્યુ હતુ. આ સમગ્ર સેવા ૪૨ ગામ સંકુલ દ્વારા સંપન્ન થઈ હતી

## અરવલ્લીમાં ૭ દિવસ પછી વધુ એક કોરોના પોઝેટીવ કેસ

# બાયડ તાલુકાના તેનપુર ગામના ૨૫ વર્ષીય યુવકને સંક્રમિત કરતા લોકોમાં ભય સાથે ફફડાટ

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાએ વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે લોકડાઉન-૧ માં કોરોનાથી સંપૂર્ણ મુક્ત રહેલા અરવલ્લી જિલ્લામાં લોકડાઉન-૨ જાહેર થતા અનેક લોકો અન્ય જિલ્લા અને કોરોનાગ્રસ્ત જિલ્લામાંથી અરવલ્લી જિલ્લામાં પ્રવેશતા જિલ્લામાં કોરોના વિસ્ફોટ થયો હતો અને ગણતરીના કલાકોમાં કોરોનાના ૧૮ દર્દીઓ નોંધાયા હતા.જેમાં ભિલોડાની કુશાલપુરાની વૃદ્ધાનું કોરોનાના કારણે મોત નિપજ્યું હતું.એક સપ્તાહ સુધી શાંત રહેલા કોરોનાએ બાયડ તાલુકાના તેનપુર ગામના ૨૫ વર્ષીય યુવકને સંક્રમિત કરતા લોકોમાં ભય સાથે ફફડાટ ફેલાયો છે બાયડ તાલુકા આરોગ્ય તંત્રે તેનપુર ગામના કોરોનાગ્રસ્ત યુવક તેના માતા-પિતાને વાત્રક કોવીડ-૧૯ હોસ્પિટલમાં ખસેડી આરોગ્ય તંત્રએ કોરોનાગ્રસ્ત વિસ્તારમાં થર્મલસ્ક્રિનીંગ અને સર્વેની કામગીરી હાથધરી દીધી છે વહીવટી તંત્રે કોરોનાગ્રસ્ત વિસ્તારને ત્રણ કિમિ વિસ્તારમેં કોન્ટેન્ટમેન્ટ જાહેર કરી પ્રવેશબંધી ફરમાવી દીધી છે . બાયડ તાલુકાના આંબલીયારા ગામે કોરોના પોઝીટીવ કેસ સામે આવ્યા બાદ વધુ એક ગ્રામ્ય વિસ્તારનો યુવક કોરોનામાં સપડાતા ગ્રામ્ય વિસ્તારોમાં ફફડાટ ફેલાયો છે તેનપુર ગામના ૨૫ વર્ષીય પ્રિતેશ નરેશભાઈ પટેલ નામના યુવકને શરદી-ખાંસી તાવ જણાતા તેના પિતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા યુવકમાં શંકાસ્પદ કોરોનાના લક્ષણો જણાતા તકેદારીના ભાગરૂપે યુવકનો કોરોનાનો રિપોર્ટ કરાવ્યો હતો પિતા-પુત્ર કોરોના પરીક્ષણ માટે સેમ્પલ આપી તેનપુર પરત આવી ગયા હતા ગુરુવારે યુવકનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા સિવિલ હોસ્પિટલે બાયડ આરોગ્ય તંત્રને જાણ કરતા આરોગ્ય તંત્રની ટીમ એમ્બ્યુલન્સ સાથે યુવકના ઘરે પહોંચી યુવક અને તેના માતા-પિતાને વાત્રક કોવીડ હોસ્પિટલમાં ખસેડાયા હતા

બાયડ તાલુકા આરોગ્ય અધિકારી ર્ડો.ધર્મેશ ભાઈ ના જણાવ્યા અનુસાર કોરોના પોઝેટીવ યુવક અને તેના માતા-પિતાને વાત્રક કોવીડ-૧૯ હોસ્પિટલમાં ખસેડાયા છે યુવકની સારવાર હાથધરી હતી અને યુવકના માતા-પિતાને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે અને યુવકને કોરોનાનો ચેપ કઈ રીતે લાગ્યો તેમજ યુવકની ટ્રાવેલ હિસ્ટ્રી છે કે નહિ તે અંગે જાણકારી મેળવવા તજવીજ હાથધરી તેનપુર ગામમાં સર્વેની કામગીરી હાથધરી સૅનેટાઇઝ કરવામાં આવશે નું જણાવ્યું હતું

## લોકડાઉનમાં ખરીદાર ન મળતા ખેડૂતોની હાલત કફોડી

# અરવલ્લીમાં તરબૂચનું વાવેતર કરનાર ખેડૂતોને લાલ પાણીએ રોવાનો વારો આવ્યો



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાનું સંક્રમણ વધુ ન પ્રસરે તે માટે સરકારે લોકડાઉન જાહેર કર્યું છે. જેના પગલે લોકડાઉનનો ચુસ્ત પણે અમલ થઈ રહ્યો છે. જેના કારણે તમામ વ્યાપાર ધંધા વાહનવ્યવહાર બંધ છે ત્યારે એની અસર ખેડૂતો પર પણ જોવા મળી છે. ખેડૂતોએ મહામહેનતે તૈયાર કરેલ તડબૂચ વાહન વ્યવહાર બંધ હોવાના કારણે ખેતરમાં જ પડી રહ્યા હોવાથી ખેડૂતોને રાતા પાણી રોવાનો વારો આવ્યો છે.

હાલ કોરોના મહામારી સામે લડવા સમગ્ર દેશ લોકડાઉન છે. દેશના તમામ રાજ્યો સંપૂર્ણ પણે લોકડાઉન છે. તમામ વેપાર ઉદ્યોગ વાહનવ્યવહાર પણ સંપૂર્ણ પણે બંધ હાલતમાં છે. એક તરફ ખેડૂતે મહામહેનતે પકવેલ મોલ તૈયાર થવાની અણી પર હતું અને એકાએક લોકડાઉન થયું ત્યારે જે ફળની ઉપજ છે કે જેનું બહારના જિલ્લામાં અને રાજ્યમાં માર્કેટ છે. તેવા ખેડૂતોને ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના મેઘરજ તાલુકામાં મોટાભાગે ખેડૂતોએ ઉનાળુ ખેતીમાં તડબૂચનું વાવેતર કર્યું છે. લગભગ ૫૦૦ વિઘાથી વધુ જમીનમાં તડબૂચનું વાવેતર ખેડૂતોએ કર્યું છે. તડબૂચની ખેતી ૭૦ દિવસની હોય છે. ખેડૂતો મોંઘા ભાવનું બિયારણ લાવી સારી માવજત કરીને ખૂબ સારા પ્રમાણમાં તડબૂચનો ઉતારો પણ આવ્યો છે. લગભગ ૧ વીઘાએ ૬૫૦ થી ૭૦૦ મણ તડબૂચનો પાકનો ઉતારો આવ્યો છે. ત્યારે સામાન્ય રીતે સીઝનમાં ૩૫૦ થી ૪૦૦ રૂપિયે મણ તડબૂચ વેચાય છે.

દરરોજની જિલ્લા અને જિલ્લા બહાર અને અન્ય રાજ્યોમાં પણ મેઘરજના તડબૂચ વર્ષોથી વેચતા હતા. પરંતુ આ વર્ષે તડબૂચના પાકને જાણે કોરોનાનું ગ્રહણ લાગ્યું છે. હાલ તમામ ટ્રાન્સપોર્ટ બંધ છે જેના કારણે લાખો મણ તડબૂચનો પાક ખેતરમાં જ પડી રહ્યો છે. હાલની સ્થિતિમાં ખેડૂતો લોકલ ટ્રેક્ટરમાં ભરી ફક્ત ૧૦ રૂપીયે કિલો એટલે કે ૨૦૦ રૂપિયે મણ તડબૂચ વેચવા ખેડૂત મજબૂર બન્યા છે. જેના કારણે હાલ ખેડૂતની હાલત કફોડી બની છે. હાલ તડબૂચની ખેતીમાં વીઘાએ ૭૦ હજાર રૂપિયાનો ખર્ચ થાય છે. ત્યારે લોકડાઉનને કારણે ખેડૂતે પોતે કરેલ ખર્ચ પણ નીકળતો નથી. તૈયાર થયેલ તડબૂચનો પાક ખેતરમાં જ પડ્યા પડ્યા ફાટી જવાની સ્થિતિ પેદા થઈ છે. આમ લોકડાઉનને કારણે તડબૂચનું બહાર વેચાણ અટકી જવાના કારણે ખેડૂતને રાતા પાણી રોવાનો વારો આવ્યો છે. ત્યારે આવા ખેડૂતોને સરકારની સહાય મળે એવી ખેડૂતો ની માંગ છે.

# અરવલ્લી જિલ્લામાં સભા ભરવી કે બોલાવવા તેમજ સરઘસ પર પ્રતિબંધિક હુકમો જાહેર કરાયા

મોડાસા- ગુરૂવાર,

હાલ મુસ્લિમ સમુદાયનો પવિત્ર રમજાન માસ ચાલતો હોઈ તેમજ ખાનગી ઈનપુટોને ધ્યાને લેતાં જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે તા. ૦૧- ૦૫- ૨૦૨૦ ના કલાક ૦૦-૦૦થી તા. ૧૫- ૦૫-૨૦૨૦ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ .આર.જે. વલવી અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ ન કાઢવા પર પ્રતિબંધિક મનાઈ હુકમો જાહેર કરાયા છે.

આ હુકમ સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના કામે ઓજારો લઈ જતા ખેડૂતો, સરકારી કાર્યક્રમને લાગુ પડશે નહી. .

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ને કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.



**આજે ૬૦ માં ગુજરાત સ્થાપના દિન નિમિત્તે જાણીતા નિર્માતા દિગ્દર્શક અભિલાષ ઘોડા ના નિર્દેશનમાં ગુજરાત ના ૩૦ ચુનંદા કલાકારો દ્વારા તૈયાર કરવામાં આવેલ ×યશગાથા ગુજરાતની× ગીતને ગુજરાત ના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદહસ્તે લોકો સમક્ષ મુકવામાં આવ્યું. અત્રે ઉલ્લેખનીય છે કે આ ગીત આજે તારીખ ૧ મેં ના રોજ સવારે ૬:૩૦ વાગે સોશીયલ મીડીયા પર રીલીઝ કરવામાં આવશે..**

## વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના

# સીલધા ગામે વર્ષોથી પાણીની સમસ્યા વહીવટી તંત્રની લાપરવાહી

(સતિષ પટેલ બ્યુરો ચીફ વલસાડ)



દુનિયામાં આજે જો સૌથી અમૂલ્ય ચીજ હોય તો તે શુદ્ધ પાણી છે. પૃથ્વીના ગોળા પર ઉપલબ્ધ પાણીમાંથી ૯૭ ટકા પાણી ખારું છે, ૨ ટકા પાણી ગ્લેસિયરના રૂપમાં ઠંડા પ્રદેશોમાં બરફ થઈને પડેલું છે. હવે માત્ર ૧ ટકા પાણી બચ્યું છે તેનો માનવજાત પીવામાં, ખેતીમાં કે અન્ય વપરાશમાં કરી શકે છે. આ આંકડા પરથી ખબર પડી શકે છે કે પાણી માનવજાત માટે કેટલું અમૂલ્ય છે.માનવજાતે કુદરતી સંસાધનોને જે રીતે પ્રદૂષિત કર્યા છે, વેડફાટ કર્યો છે તેમાં પાણીનો નંબર સૌથી પહેલો આવે છે ભારતમાં કપરાડા તાલુકાના સીલધા ખડકી ફળિયામાં ૧૬ જેટલા ઘરો ૨૦૦ વધુ વ્યક્તિઓ ૨૫ વર્ષથી પાણીની સમસ્યા ગ્રામજનો દ્વારા માંગણી કરી રહ્યા છે. અને અહીના સમાજ સેવકો ચૂંટણીમાં ઠાલા વચનો પાણીની સમસ્યાથી પીડાતા લોકોને અપી રહ્યા છે.વલસાડ જિલ્લામાં કપરાડા તાલુકો જે પાણીની સમસ્યા પહેલો નંબર છે આમ આપણે એક નજર કરીએ ત્યારે ભારતમાં દર વર્ષે હજારો બાળકો ગંદા પાણીથી થતા ડાયેરિયા જેવી બીમારીને કારણે મોતને ભેટે છે એક તરફ આપણે ગુજરાત અને ઝડપથી વધતી અર્થવ્યવસ્થાની વાતો કરીએ છીએ, પરંતુ જમીની હકીકત એ છે કે હજુ આપણા દેશના કરોડો લોકોને ચોખ્ખું પીવાનું પાણી ઉપલબ્ધ કરાવી શકતા નથી.કપરાડા તાલુકામાં દિવસે દિવસે પાણીની તંગીનું મુખ્ય કારણ પર્યાવરણની બરબાદી છે કપરાડા તાલુકાના મધુબન ડેમ દ્વારા અનેક ઉદ્યોગને ચલાવવા પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે ઉદ્યોગોને પ્રાયોરિટીમાં પાણી અપાય છે અને પાણી ખેડૂતોને અપાય છે. ગુજરાતના વનસંપત્તિ અને સમૃદ્ધિ ધરાવતા વલસાડ જિલ્લામાં સૌથી વધુ વરસાદ કપરાડા માં વરસતો હોવા છતાં ઢાળવાળા ડુંગર અને ખડકાળ ભૌગોલિક વિસ્તાર હોવાને કારણે જમીનની પાણી સંગ્રહ કરવાની શક્તિ ખૂબ ઓછી છે, જેના કારણે ઉનાળા દરમિયાન ગ્રામ્ય વિસ્તારમાં પાણીની તંગી રહે છે. પુષ્કળ વરસાદ છતાં પાણીની તંગી ? આ તો કેવું? આથી પાણીની આ તંગીને નિવારવા માટે સિંચાઈ વિભાગ વલસાડ દ્વારા અનેક ચેકડેમ બનાવીયા છે. પણ એ ચેકડેમ માં પાણી નથી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.